જ્યોતિષ કાર્યાલય
Regd. No. : 0016432 24x7 સચોટ સલાહ
3 પેઢીથી કામ, દરેક સમસ્યાનો A TO Z સમાધાન
ગુપ્તધનના સ્પેશ્યાલીસ્ટ
લવ પ્રોબ્લેમ, છુટાછેડા, સૌતન-સાસુનો ત્રાસ, બિઝનેશ પ્રોબ્લમ, શું સંતાન કહેવામાં નથી ?
પ્રેમલગ્ન • ધારેલી વ્યક્તિનું મિલન
અઘોર સિદ્ધિ દેવી ઉપાસક, ૨૧ વર્ષોનો અનુભવ
ફોનથી ઘેર બેઠા કામ 9712423531

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૧ જૂન, ૨૦૨૬ સોમવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૧૧◆વર્ષ : 33 ◆પાના - ૧૦ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૧ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### પેટ્રોલ-ડિઝલ બાદ હવે કોમર્શિયલ બાટલો થયો મોંઘો

# દેશમાં મોંઘવારીનો વધુ એક માર

નવી દીલ્હી : મોંઘવારીના મોરચે સામાન્ય જનતા અને વેપારીઓ માટે મહિનાનો પહેલો દિવસ એક મોટો ઝટકો લઈને આવ્યો છે. દર મહિનાની પહેલી તારીખે ઓઈલ અને ગેસ કંપનીઓ દ્વારા કરવામાં આવતા પ્રાઈસ રિવિઝન માં આ વખતે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં ભારે વધારો કરવામાં આવ્યો છે.આ નિર્ણયથી હોટેલ, રેસ્ટોરન્ટ, ઢાબા, કેટરીંગ વ્યવસાય અને રોજિંદા કામકાજ માટે ગેસ પર નિર્ભર હજારો નાના-મોટા વેપારીઓની ચિંતા વધી ગઈ છે.

કોમર્શિયલ ગેસના ભાવ વધવાને કારણે બહારનું ખાવા-પીવાનું અને લગ્નો કે પાર્ટીઓમાં કેટરીંગની સેવાઓ મોંઘી થવાની સીધી આશંકા છે. આવો જાણીએ કે આ વખતે કિંમતોમાં કેટલો વધારો થયો છે અને દેશના મુખ્ય મહાનગરોમાં હવે એક કોમર્શિયલ સિલિન્ડર માટે કેટલા રૂપિયા ચૂકવવા પડશે.

૧ જૂનથી લાગુ થયેલા નવા દરો મુજબ, દેશની રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૪૨ રૂપિયાનો વધારો



કરવામાં આવ્યો છે. આ વધારા પછી હવે દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ વધીને ૩,૧૧૩.૫૦ રૂપિયા થઈ ગયો છે.જો આપણે આના ફ્લેશબેક એટલે કે થોડા મહિના પહેલાના ભાવ પર નજર કરીએ, તો જાન્યુઆરી મહિનામાં આ જ સિલિન્ડર ૧,૬૯૧.૫૦ રૂપિયા માં મળી રહ્યો હતો. સતત થઈ રહેલા ભાવવધારાને કારણે હવે તે ૩,૦૦૦ રૂપિયાને પાર પહોંચી ગયો છે, જે નાના દુકાનદારોની કમર તોડવા માટે પૂરતો છે.બીજી તરફ, પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં કોમર્શિયલ સિલિન્ડર પર સૌથી આકરો માર પડ્યો છે. કોલકાતામાં કિંમતોમાં પ્રતિ સિલિન્ડર ૫૩.૫૦ રૂપિયાનો વધારો કરાયો છે. આ વધારા બાદ હવે ત્યાં ગ્રાહકોએ એક સિલિન્ડર માટે ૩,૨૫૫.૫૦ રૂપિયા ખર્ચવા પડશે.ગેસ કંપનીઓએ માત્ર ૧૯ કિલોવાળા મોટા સિલિન્ડરના ભાવ જ નથી વધાર્યા, પરંતુ નાના કારીગરો અને રેહડી-પટરીવાળા (ફેરીયાઓ) દ્વારા ઉપયોગમાં લેવાતા ૫ કિલોવાળા ફ્રી ટ્રેડ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં પણ વધારો કરી દીધો છે. ૫ કિલોના આ નાના સિલિન્ડરના ભાવમાં પ્રતિ સિલિન્ડર ૧૧ રૂપિયાની વૃદ્ધિ કરવામાં આવી છે. આ વધારા પછી હવે દેશની રાજધાની

અનુસંધાન પાના નં.૪ પર

## ઓપરેશન મ્યૂલ હન્ટ ૧.૦: સાયબર ક્રાઇમ સામે ગુજરાત પોલીસની સર્જિકલ સ્ટ્રાઇક



### રૂ ૨૨૮૯ કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ, ૯૧૩ મ્યૂલ અકાઉન્ટ સામે કાર્યવાહી, ૫૬૫ FIR અને ૬૩૮ની ધરપકડ

ગાંધીનગર : ગુજરાતના નાગરિકોને સાયબર ક્રાઇમ સામે સુરક્ષિત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સક્રિય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નાગરિકોની મહેનતની કમાણીના રૂપિયા સાયબર ગુનેગારોના હાથમાં ન જાય અને સાયબર ક્રાઈમાં સંડોવાયેલા ગુનેગારોને આકરી સજા મળે તે હેતુથી રાજ્ય પોલીસ દ્વારા વિવિધ પ્રકારના ઓપરેશન હાથ ધરીને નિર્ણાયક કામગીરી કરવામાં આવી છે. આ વ્યાપક કામગીરીના ભાગરૂપે મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશન અનુસાર રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં એક વિશેષ ઓપરેશન સમગ્ર રાજ્યમાં ચલાવવામાં આવ્યું હતું. ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા ચલાવવામાં આવેલા આ ઓપરેશનમાં મ્યૂલ અકાઉન્ટ્સ સામે કાર્યવાહી કરીને અલગ અલગ કેસમાં

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યસભાની ૪ બેઠકોની ચૂંટણીને લઈને ગુજરાતમાં રાજકારણ તેજ, અંજલિબેન રૂપાણીના નામની ચર્ચા

### રાજ્યસભાની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગીને લઈને ભાજપમાં ધમાલ : લોબિંગ અને રાજકીય પ્રવૃત્તિઓ તીવ્ર



નવી દીલ્હી:રાજ્યસભાની ચૂંટણીને લઈને ગુજરાતમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. રાજ્યસભાની ચાર બેઠકો માટે ઉમેદવારીપત્રો ભરવા માટેની સત્તાવાર સૂચના આજે બહાર પાડવામાં આવશે. ઉમેદવારો માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૮ જૂન નક્કી કરવામાં આવી છે.ચાર રાજ્યસભાની ચૂંટણીની ચાર બેઠકોમાટે ઉમેદવારો નક્કી કરવા માટે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં આંતરિક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

અનુસંધાન પાના નં.૪ પર

### દિલ્હીમાં ભાજપના બધા પ્રદેશ પ્રમુખોની બેઠક



આજે દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના તમામ પ્રદેશ પ્રમુખોની બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠક સવારે ૧૧ વાગ્યાથી ભાજપ મુખ્યાલય ખાતે યોજાશે. નીતિન નવીન બેઠકની અધ્યક્ષતા કરશે. પાર્ટીના સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ અને અન્ય તમામ રાષ્ટ્રીય મહામંત્રીઓ પણ હાજર રહેશે. કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે કાર્યક્રમો અને જનસંપર્ક


અનુસંધાન પાના નં.૪ પર

### કુવૈતી મીડિયાએ હુમલાની કરી પુષ્ટી

## મધ્ય-પૂર્વમાં યુદ્ધના ભણકારાં

કુવૈત : મધ્ય-પૂર્વમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. સોમવારની વહેલી સવારે ઈરાને કુવૈત પર અચાનક મિસાઈલો અને ડ્રોન વડે મોટો હુમલો કરી દીધો છે. આ અણધાર્યા હુમલા બાદ કુવૈતની સુરક્ષા એજન્સીઓએ મોરચો સંભાળી લીધો છે અને જવાબી કાર્યવાહી શરૂ કરી દીધી છે.કુવૈત ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, હુમલાને પગલે સમગ્ર દેશમાં યુદ્ધના સાયરેન વાગી રહ્યા છે, જેના કારણે લોકોમાં ભારે દહેશતનો માહોલ છે અને તેઓ સુરક્ષિત સ્થળો તરફ દોડી રહ્યા છે. કુવૈતી સેનાએ પોતાની

અનુસંધાન પાના નં.૪ પર



## પશ્ચિમ બંગાળમાં મોટું મંત્રીમંડળ વિસ્તરણ

કોલકાતા: પશ્ચિમ બંગાળમાં આજે એક નોંધપાત્ર રાજકીય ઘટનાક્રમમાં, રાજ્યના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ વિસ્તરણ સાથે કુલ ૩૫ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ધારાસભ્યોને રાજ્ય સરકારમાં મંત્રી તરીકે

અનુસંધાન પાના નં.૪ પર




### જલવાયુ અને પર્યાવરણ કેન્દ્રિત અમેરિકી ન્યુઝ પોર્ટલ ચેલ ઇ-૩૬૦નો રીપોર્ટ

## કચ્છના રણમાં ફેલાયેલા વિશાળ સૌર પેનલોના કારણે દેશમાં સૌર ઉર્જાની ક્ષમતા ૪૦ ટકાના દરે વધી



### ઔદ્યોગિકરણ માટે કોલસાની જગ્યાએ સૌર ઉર્જાનો ઉપયોગ કરનાર ભારત દુનિયાનો પહેલો દેશ બની શકે છે

નવી દિલ્હી : ભારત ઔદ્યોગિકરણ માટે કોલસાની જગ્યાએ સૌર ઉર્જાનો ઉપયોગ કરનાર પ્રથમ દેશ હોઇ શકે છે. એક રિપોર્ટ અનુસાર દેશની સૌર ઉર્જા ક્ષમતા લગભગ વાર્ષિક દરથી વધી રહી છે અને માર્ચ ૨૦૨૬ સુધીમાં ૧૫૦ ગીગાવોટથી વધુ થઇ ગઇ છે.જલવાયુ અને પર્યાવરણ કેન્દ્રિત અમેરિકી ન્યુઝ પોર્ટલ ગ્રિસ્ટે ચેલ ઇ ૩૬૦ના રિપોર્ટનો આધાર આપીને કહ્યું હતું કે ભારતમાં ગુજરાતમાં કચ્છના રણમાં ફેલાયેલ વિશાળ સૌર પેનલોના કારણે આ ક્ષેત્ર ઝડપથી દુનિયાના સૌથી મોટા ઇનોવેટિવ ઉર્જા કેન્દ્રોમાંના એકમાં પરિવર્તિત થઇ રહ્યું છે.ભારત-પાકિસ્તાન સીમા પાસે લગભગ ૨૮૦ વર્ગ માઇલમાં ફેલાયેલા ખાવડા સૌર પાર્કમાં ૨૦૨૯ સુધી દુનિયાની સૌથી મોટી સૌર ઉર્જા પરિયોજના બની શકે છે. એકવાર આ પ્રોજેક્ટ પુરો થઇ ગયા બાદ લગભગ ૬ કરોડ સૌર પેનલ લગાવવામાં આવશે.આથી ૩૦ ગીગાવોટ વીજળી ઉત્પન્ન થશે, જે ઓસ્ટ્રિયા જેવડા મોટા દેશને વીજળી પૂરી પાડવા માટે પર્યાપ્ત છે. દેશની સ્થપિત સૌર ઉર્જા ક્ષમતામાં દર વર્ષે લગભગ ૪૦ ટકાની વૃધ્ધિ થઇ રહી છે અને માર્ચમાં તે ૧૫૦ ગીગા વોટને પાર કરી ગઇ.ભારતમાં ઝડપી સૌર ઉર્જા વિસ્તાર માત્ર એક દાયકા પહેલાની સ્થિતિ એક નાટકીય પરિવર્તનને દર્શાવે છે. જ્યારે દેશમાં ઉર્જા મિશ્રણમાં સૌર ઉર્જાની સીમિત ભૂમિકા હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે એ સમયે જલવાયુ પરિવર્તને લઇને વધતી વૈશ્વિક ચિંતાઓ છતાં સરકારે ઔદ્યોગિક વિકાસને સમર્થન આપવા માટે કોલસા ઉત્પાદનને પૂરજોશમાં સમર્થન આપ્યું હતું. જો કે સૌર પેનલોની ઘટતી કિંમતો અને ભારતના સ્વાભાવિક રીતે સૂર્ય પ્રકાશવાળા જલવાયુએ ધીરે ધીરે દેશની ઉર્જા રણનીતિને બદલી નાખી હતી.જીવાશ્મ ઈંધણ પર નિર્ભરતા ઘટાડીને વીજળીની વધતી માંગને પૂરા કરવાના ઉદ્દેશથી ભારતે ૨૦૩૦ સુધીમાં આ ક્ષમતાને ફરીથી ડબલ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. બ્રિટન સ્થિત થિંક ટેંક એમ્બરના ઉર્જા રણનીતિકાર કિંગ્સમિત બોન્ડના અનુસાર ભારત, ચીન અને પશ્ચિમી દેશોથી અલગ રસ્તે ચાલી રહ્યું છે.જેણે પોતાની અર્થ વ્યવસ્થાઓનો મોટો ભાગ જીવાશ્મ ઈંધણ પર ટકાવ્યો છે. બોન્ડે કહ્યું હતું કે ચીને કોલસા પર પોતાની અર્થ વ્યવસ્થાનું નિર્માણ કર્યું, જ્યારે ભારત સૌર ઉર્જાનું નિર્માણ કરી રહ્યું છે.

## ગીરના સિંહો માટે રાહતના સમાચારઃ સ્થિતિ સંપૂર્ણ કાબૂમાં : વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગ્રાઉન્ડ ઝીરો પર કરી સમીક્ષા



ગાંધીનગર : એશિયાટીક સિંહોમાં ફેલાયેલા વાયરસના સંક્રમણ વચ્ચે ગીરમાંથી રાહતભર્યા સમાચાર સામે આવ્યા છે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા એ ગીરની તાત્કાલિક મુલાકાત લઈ ગ્રાઉન્ડ ઝીરોપરસ્થિતિ ની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.મંત્રી એ સ્પષ્ટપણે જણાવ્યું કે છેલ્લા ત્રણ દિવસ દરમિયાન વાયરસ સંક્રમણના કારણે એકપણ સિંહનું મૃત્યુ નોંધાયું નથી અને પરિસ્થિતિ હવે સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે.

મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા એ જામવાળા રેસ્ક્યુ સેન્ટર, બાબરિયા વન વિસ્તાર અને જસાધાર એનિમલ કેર સેન્ટરની રૂબરૂ મુલાકાત લઈ સ્થળ પરની વાસ્તવિક સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે વન વિભાગનાઉચ્ચ અધિકારીઓ, પશુચિકિત્સકોની ટીમો અને ફિલ્ડ સ્ટાફ સાથે વિસ્તૃત બેઠક યોજી સારવાર, દેખરેખ અને રોગ નિયંત્રણની કામગીરીની સમીક્ષા કરી હતી.

### તિકડમ !
– દેવેન વ્યાસ




અધિક માસમાં અધિક ભ્રષ્ટાચાર કરશું?

## SCને ૫ નવા જજની મળી મંજૂરી, વી. મોહના SCમાં નિયુક્ત થનાર બીજા મહિલા જજ



નવી દિલ્હી: કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં પાંચ નવા ન્યાયાધીશોની નિમણૂકને મંજૂરી આપી છે. આમાં ચાર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને એક વરિષ્ઠ વકીલનો સમાવેશ થાય છે. સોમવારે (૧ જૂન) કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ માહિતી શેર કરી. ચાલો જોઈએ કે સુપ્રીમ કોર્ટના પાંચ નવા ન્યાયાધીશો કોણ છે.આ પાંચ નવા ન્યાયાધીશોની નિમણૂક સાથે, સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની કુલ સંખ્યા હવે ૩૭ થઈ ગઈ છે. આનાથી પેન્ડિંગ કેસોના નિકાલમાં ઝડપી વધારો થવાની અને ન્યાયિક કાર્યવાહીમાં વેગ આવવાની અપેક્ષા છે.

## રશિયાના ઉર્જા મથકો પર યુક્રેનનો ૩૦૦ ડ્રોનથી ભીષણ હુમલો

(એજન્સી દ્વારા)

મોસ્કો: યુક્રેને રાતે રશિયાનાં ઉર્જા સ્થળોને નિશાન બનાવી હુમલા કર્યા હતાં તેમ રશિયન અધિકારીઓ અને મીડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. બીજી તરફ યુક્રેને રશિયાનાં એ દાવાઓને ફગાવી દીધા છે જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે યુક્રેનનાં ડ્રોને ક્રેમલિનનાં કબજાવાળા એક મુખ્ય પરમાણુ સંયત્ર પર હુમલો કર્યો હતો.

યુક્રેનનાં એરફોર્સનાં જણાવ્યા અનુસાર તેણે રશિયા દ્વારા સમગ્ર રાતમાં છોડવામાં આવેલા ૨૯૯ ડ્રોનમાંથી ૨૧૨ ડ્રોનને તોડી પાડયા હતાં. તેણે જણાવ્યું હતું કે ૧૪ ડ્રોન તેનાં લક્ષ્યાંકો સુધી પહોંચવામાં સફળ રહ્યાં હતાં જ્યારે ડ્રોનોનો કાટમાળ પાંચ અલગ અલગ જગ્યાઓ પર પડયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે રશિયન ડ્રોનોએ નિપ્રો શહેર અને રિવ્ને ક્ષેત્રમાં સ્થિત એક ઓઈલ રિફાઈનરી પર હુમલો કર્યો હતો. જેનાં કારણે ત્યાં આગ લાગી હતી. રિવ્ને ક્ષેત્રીય વહીવટી તંત્રનાં પ્રમુખ ઓલેક્સેન્ડર કોવલે જણાવ્યું હતું કે રિફાઈનરીમાં કોઈને ઈજા થઈ નથી. ઈમરજન્સી સેવાઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.


### કોવિડકાળનું બહાનુ પણ હવે ચાલે તેમ નથી છતા પ્રોજેક્ટ વિલંબમાં

## સરકારી પ્રોજેક્ટ સમયસર પુરા નહી થતા રૂા.૫.૬૫ લાખ કરોડનો વેડફાટ

નવી દિલ્હી: કદાચ તેમાં આ આંકડો ગણી પણ શકશો નહી પણ કામ કરતી સરકાર હોય કે નેરેટીવ પર ચાલતી કોઈ સરકાર હોય સરકારની યોજનાઓ પ્રોજેક્ટ જે વિલંબથી ચાલી રહ્યા છે. તેના કારણે અરબોનો વધારાનો બોજો જનતા પર થાય છે.હવે તે કહેવી ફેશન બની ગઈ છે કે કોઈ યોજનાનું ખાતમુર્હુત અમો કરીએ છીએ અને ઉદઘાટન પણ આમ જશ ખાટવામાં આવશે પણ એ જાહેર કરાતુ નથી કે છતા પણ યોજનામાં જે વિલંબ થયો તેના કારણે બજેટ કેટલા વધી ગયા છે.હાલમાં જ એક રિપોર્ટ મુજબ સરકારી મળતા પ્રોજેક્ટ જેવો જમીન સંપાદનથી ટેન્ડર, બાંધકામ, મશીનરી અને કાર્યાન્વીત કરવાની પ્રક્રિયા છે અને તેના લાભ લોકોને મળવાનું શરૂ થાય તેવા કુલ ૧૯૮૧ પ્રોજેક્ટ હાલ દેશમાં ચાલી રહ્યા છે તેથી પ્રોજેક્ટમાં વિલંબથી રૂા.૫.૬૫ લાખ કરોડનો ખર્ચ-બજેટ વધી ગયુ છે છતા કોઈ તેની ચિંતા કરતું નથી. આ પૈસા તો જનતાના નાણાનો વેડફાટ જ છે.ખુદ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ નવ રાજયોમાં ફેલાયેલા સાત પ્રોજેક્ટની સમીક્ષા કરી તેમાં તેઓએ જે રીતે વિલંબ થઈ રહ્યો છે તેના પર ચિંતા કરી વાસ્તવમાં આ પ્રકારનો વિલંબ એ ફક્ત ખર્ચ નહી આ યોજનાના લાભો જે મળવાના હોય તેમાં પણ વિલંબથી તે નુકશાની તો આંકડામાં ગણતરી થાય નહી. તેવી મોટી હોય છે.

# ભુજના પાલારા ખાતે એમ.એલ.ભક્તા વડીલોનો વિસામોના ભાગ-૨નું ઉદ્‌ઘાટન કરાયું

## નિરાધાર વૃદ્ધોને હૂંફ આપતી માનવજ્યોત સંસ્થાની સેવામાં વધુ એક સોપાન ઉમેરાયું







ભુજ - કચ્છઉદય : ભુજ નજીક આવેલા પાલારા ખાતે માનવજ્યોત સંસ્થા દ્વારા સંચાલિત એમ.એલ.ભક્તા વડીલોનો વિસામોના બીજા ભાગનો ઉદ્ઘાટન સમારોહ રવિવારે સંપન્ન થયો હતો. એકલા-અટૂલા અને નિરાધાર વૃદ્ધો માટે આશ્રયસ્થાન સમાન આ સંકુલના મુખ્ય દાતા એમ. એલ. ભક્તા પરિવાર મુંબઈના સહયોગથી તૈયાર થયેલા આ નવા વિભાગને સંતો અને મહંતોના સાનિધ્યમાં શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અનેક ધર્મગુરુઓ અને સંતોની ઉપસ્થિતિ રહી હતી.મહામંડલેશ્વર મૂળજીરાજા કાપડી, પૂ. શાંતિદાસજી મહારાજ, મહંત જગદીશ દાદા, મહંત દયારામદાદા, ધ્રંગ જાગીરના પૂજ્ય ભરતદાદા, મહંત કલ્યાણદાસજી બાપુ સહિતના અનેક આદરણીય સંતોએ વૃદ્ધાશ્રમના આ પુનિત કાર્યને આશીર્વાદ પાઠવ્યા હતા.

માનવજ્યોત સંસ્થા દ્વારા કચ્છમાં માનવસેવા, જીવદયા, પર્યાવરણ અને વ્યસનમુક્તિ જેવી ૪૯ જેટલી સેવાકીય પ્રવૃત્તિઓ નિરંતર ચલાવવામાં આવે છે, જેમાં આ વડીલોનો વિસામો એક મહત્વપૂર્ણ કડી છે.

આ આશ્રમનો પ્રથમ ભાગ ૨ મે ૨૦૨૬ના રોજ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, જે અત્યાર સુધીમાં ૧૨ જેટલા નિરાધાર વૃદ્ધો માટે આધારસ્તંભ બની ચૂક્યો છે. હવે બીજા ભાગના નિર્માણથી વધુ જરૂરિયાતમંદ વડીલોને રહેવાની વ્યવસ્થા મળી રહેશે.

શ્રી રામેશ્વર મહાદેવ મંદિર પાછળ પાલારા ખાતે નિર્મિત આ સેવાધામ માનવતાની સેવા માટેનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. આ પ્રસંગે માનવજ્યોત પરિવાર અને ભક્તા પરિવાર દ્વારા ઉપસ્થિત રહેલા તમામ સંતો અને શ્રેષ્ઠીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બીકેટીના શ્રી ઝાલા, નીતાબેન ગોસ્વામી, કિશોરભાઈ ગોસ્વામી, વિનેશ સાધુ, વેલજીભાઈ આહિર, પૃથ્વીરાજસિંહ જાડેજા, ચેતનાબા જાડેજા વગેરે હાજર રહ્યા હતા.

# ભુજ કોર્ટમાંથી બદલી પામેલા ૩ ન્યાયાધીશનો વિદાયમાન સમારંભ યોજાયો




## ભુજ બાર એસોસિએશન દ્વારા ગૌરવભેર વિદાય: વકીલ મંડળ સાથેના સંસ્મરણો વાગોળ્યા

ભુજ : ભુજ કોર્ટમાંથી અમદાવાદ અને સુરત ખાતે બદલી પામેલા ત્રણ ન્યાયાધીશનો વિદાયમાન સમારંભ ભુજ બાર એસોસિએશન દ્વારા કોર્ટના બાર રૂમમાં આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં વિદાય લઈ રહેલા ન્યાયાધીશોમાં પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ ફેમિલી કોર્ટના જજ શ્રી ગોલાણી, ત્રીજા અધિક સિનિયર સિવિલ જજ શ્રી ડાભી અને અધિક સિવિલ જજ શ્રી ત્રિવેદીનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ દિલીપભાઈ પી. મહીડા, અધિક ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ જે. એ. ઠક્કર, વી. એ. બુધ્ધા, એન. પી. રાડીયા, ટી.એન. ખંધાડીયા, પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ કે.સી. જોષી, ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસના શ્રી પ્રજાપતી, સિનિયર સિવિલ જજ જે.વી. બુધ્ધા, આર. એસ. સિંધલ તથા ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ એમ.એમ. કુરેશી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન મંત્રી મલ્હાર દર્શકભાઈ બુચ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખ સચિન મહેન્દ્રભાઈ ગોરે પોતાના ઉદબોધનમાં સ્વભાવને વ્યક્તિની મૂડી ગણાવી, વિદાય લઈ રહેલા ન્યાયાધીશના મીઠા સ્વભાવને યાદ કર્યો હતો અને તેમને પ્રમોશન સાથે પુનઃ ભુજ કોર્ટમાં નિમણૂક મળે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. સિનિયર એડવોકેટ હેમસિંગભાઈ ચૌધરી, દેવાયતભાઈ બારોટ અને મુકેશભાઈ ઉપાધ્યાયે જૂની યાદો તાજી કરી હતી. ન્યાયાધીશ શ્રી મહીડાએ કચ્છના વકીલોના મીઠા સ્વભાવ અને ઝડપી ન્યાય પ્રત્યેની તેમની કટિબદ્ધતાના વખાણ કર્યા હતા. વિદાય લઈ રહેલા ત્રણેય જજનું કચ્છી શાલ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાર એસોસિએશનના હોદ્દેદારોમાં કાનજી એમ. ધુવા (ઉપપ્રમુખ), નસીમબેન વાય. ખત્રી (ખજાનચી), મેહુલ કે. ગોસ્વામી (સહમંત્રી), કાન્તાબેન એચ. વેકરીયા (મહિલા ઉપપ્રમુખ), દક્ષાબેન બી. સોની (જોઈન્ટ સેક્રેટરી), ભક્તિબેન પી. ગોર (લેડી રિપ્રેઝેન્ટેટિવ), ઘનશ્યામસિંહ જે. સોઢા (લાઈબ્રેરી સેક્રેટરી) તથા કારોબારી સભ્યો પૈકી પરેશ પી. હિંગણા, વિનેશ ડી. ચાડ, ધનજીભાઈ આર. મેરીયા, હર્ષદકુમાર જે. જરાદી, શિવપાલસિંહ એ. વાઘેલા, પરાગ એસ. જોષી, આનંદ એસ. જોષી, લક્ષ્મણ ડી. મહેશ્વરી, દિવ્યાબેન ટી. બારમેડા, કોમલબેન સી. ઠક્કર, મીનાબેન એન. સોરઠીયા, આરતીબેન કે. ઝાલા અને આસિસટન્ટ ગવર્મેન્ટ પ્લીડર સુરેશભાઈ મહેશ્વરી હાજર રહ્યા હતા. ઉપરાંત સિનિયર ધારાશાસ્ત્રી અમીરઅલીભાઈ લોઢીયા, રામલાલભાઈ એમ. ઠક્કર, મહેન્દ્રભાઈ ડી. ઠક્કર, દર્શકભાઈ કે. બુચ, દેવરાજભાઈ ગઢવી, હેમસિંગભાઈ ચૌધરી, પી.એસ. કેનીયા, વી.સી. માંડલીયા, પ્રકંજભાઈ વૈષ્ણવ, કૈવલ્યભાઈ વૈષ્ણવ, એ.એ. ઝરીવાલા, હરેશભાઈ જોષી, પ્રભુદાનભાઈ ગઢવી, દિલીપભાઈ દવે, મોઈન બાવા, એમ.એ. ખોજા, કે.ડી. લોન્ચા, વિજયભાઈ ગઢાઈ સહિતના અનેક વકીલ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ ઉપપ્રમુખ કાનજીભાઈ ધુવાએ કરી હતી.

# ગજોડ ડેમના સૂકાભાગમાંથી ૧૦ ફૂટના મહાકાય સહિત ૬ મગરોનું સફળ રેસ્કયૂ





ભુજ - કચ્છઉદય : ગજોડ ડેમના સૂકાઈ ગયેલા ડાબા ભાગમાં ફસાયેલા ૬ મગરોનું વન વિભાગ અને રેસ્કયૂ ટીમ દ્વારા સફળતા પૂર્વક રેસ્કયૂ કરવામાં આવ્યું હતું. દક્ષિણ વન વિભાગ કચ્છના આરએફઓ નરેશભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ કેરાના ફોરેસ્ટર દિનેશભાઈ ગોજિયાને સિંચાઈ વિભાગ તરફથી માહિતી મળતા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મગરોને બચાવવા માટે જાણીતા સરિસૃપ રેસ્કયૂર જગદીશ યુ. પરમાર, રિઝવાનભાઈ મેમણ અને રિષભ ગોસ્વામી સહિતની ટીમે સતત ૪ કલાકની ભારે જહેમત ઉઠાવી હતી. ટીમે કોઈ પણ મગરને ઈજા ન પહોંચે તે રીતે આશરે ૮ ફૂટના ૩, ૫ ફૂટના ૨ અને ૧૦ ફૂટના એક મહાકાય મગર સહિત કુલ ૬ મગરોનું સફળ રેસ્કયૂ કર્યું હતું. બાદમાં તમામ મગરોને ડેમના પાણીવાળા ભાગમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યા હતા.

# ભુજમાંથી બાઈક ચોરનાર જંગીનો ઈસમ પકડાયો



ભુજ - કચ્છઉદય : આજથી એક વર્ષ અગાઉ ભુજમાંથી બાઈક ચોરાઈ હતી. માધાપર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે મોપેડ સાથે ઉભેલા શખ્સની પુછપરછ કરતા આ બાઈક ચોરાઉ હોવાનું સામે આવ્યું હતું. જંગી ગામમાં રહેતા અકબર ઈસ્માઈલ ફકીરને પકડી તેની પાસેથી ૩૦ હજારની બાઈક કબજે કરવામાં આવી હતી. તેમાં નંબર પ્લેટ લગાવેલી નથી.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
ગોરેવાલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ.
• પ્રમુખ - આઝાદ અહેમદ મુતવા • મંત્રી - મુતવા નૌશાદ
ગામ : ગોરેવાલી (તા.ભુજ-કચ્છ)

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
દરિયાખાન હાજી ઈશાક રાયમા
સરપંચશ્રી, પાનધ્રો જૂથ ગ્રામ પંચાયત

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
CAPITAL ASSOCIATES
Land Developer & Builder
PROUD TO BE PROFESSIONAL
Ground Floor, Pranavraj Apt., B/h. Accord Hospital, Bhuj-Kutch. 370001
capitalassociats.bhuj@gmail.com, www.capitalassociates.in

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
FARSANI DUNIYA
ફરસાણી દુનિયા
sweet - farsan - bakery products
Parcel Service all Over India.
Dhatiya Faliya,
Anam Ring Road, Bhuj - Kachchh.
Mo. : +91 98795 38178 email : farsaniduniya@gmail.com
visitus@www.farsaniduniya.com

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
ક્રિષ્નાભાઈ નારણભાઈ કોઠીવાર
કચ્છ જિલ્લા પ્રભારી
આહિર સમાજ વૈચારિક ક્રાંતિ ગ્રુપ

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
શ્રી મીઠુ જીવા આહીર
પૂર્વ સરપંચશ્રી, ગોડપર (ખાવડા) ગ્રા.પં.
તા. ભુજ - કચ્છ.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
ધ્રુવ એન્ટરપ્રાઈઝ-મમુઆરા
પ્રો.કલ્પેશ રણછોડ વરચંદ
તા.ભુજ-કચ્છ.

કચ્છની જનતાનું માનીતુ સાંધ્ય દૈનિક
કચ્છ ઉદય
૩૩માં વર્ષમાં પ્રવેશે હાર્દિક શુભકામના સફળતા શિખરો સર કરી વાચકોમાં આગવું સ્થાન ધરાવનાર ને
અનિલ એચ. ગોર
ચેરમેન : ગ્લોબલ કચ્છ ફેડરેશન-ભુજ.
પ્રમુખ : ભુજ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશન
કચ્છ સિનેમા ઓનર્સ એકસહિબીટર્સ એસોસિએશન

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
જુસબ બી. મોખા
પૂર્વ પ્રમુખશ્રી,
કચ્છ જિલ્લા ચાર કોલ વેપારી એસોસીએશન

SGJ GURUKUL, KODAY-MANDVI
કચ્છ ઉદયને 33માં સ્થાપના દિવસની હાર્દિક શુભેચ્છાઓ!
કચ્છનું પ્રખ્યાત ગુરુકુલ અને કોલેજ - ઉજ્જવલ ભવિષ્યની મજબૂત પાયાની સાથે!
ધોરણ 1 થી 12 સુધી શિક્ષણ: ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ - ગુણવત્તાયુક્ત અને સંસ્કારયુક્ત શિક્ષણ
SGJ કોલેજ: વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ
SSIP કચ્છની એકમાત્ર Self Financed SSIP BBA કોલેજ | કચ્છની એકમાત્ર DRONE LAB સાથે આધુનિક શિક્ષણ | GPSC STUDY CENTER સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિશેષ માર્ગદર્શન | NCC ARMY WING & NAVAL WING | NSS દ્વારા સેવા અને વ્યક્તિત્વ વિકાસ
BBA | BCA | BA હવે SGJ માં જ! તમારા ઉજ્જવલ ભવિષ્ય માટે શ્રેષ્ઠ પસંદગી
શિક્ષણ | સંસ્કાર | કારકિર્દી | રાષ્ટ્રીય મૂલ્યો
શિક્ષણ સાથે સંસ્કાર, આધુનિક ટેક્નોલોજી, કારકિર્દી માર્ગદર્શન, રાષ્ટ્રીય સેવા
SGJ Gurukul, Koday-Mandvi, Kutch www.sgjgroup.org
★ આજનું યોગ્ય શિક્ષણ - આવતીકાલનું શાનદાર ભવિષ્ય ★

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
SHREE RAM GROUP OF INDUSTRIES SINCE 1977
શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
''સમાજરત્ન''
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જૂનાવાસ-માધાપર,
તા.ભુજ-કચ્છ.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
એસ.ટી.પટેલ
(એડવોકેટ)

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
રાયમા અબ્દુલભાઈ
પૂર્વ પ્રમુખશ્રી,
સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિ (કચ્છ)

## શાબાશ છે ટીમ એસપી સાગર બાગમારને..!

# પૂર્વ-કચ્છ એલસીબીની મોટી સફળતા : દુધઈમાંથી મોટી ઘરફોડચોર - વાયર કેબલ ચોર ગેંગ ઝડપાઈ

**ઝડપાયેલ ગેંગએ અગાઉ ભચાઉ, સામખીયાળી, ચિત્રોડ અને સુરેન્દ્રનગર વિસ્તારમાં પણ ચોરીઓ કરી હોવાની આપી કબૂલાત**



### પકડાયેલ આરોપીઓ

૧. હરેશભાઈ ઉર્ફે દાઢી વેલાભાઈ મેજરાણી ૨. મહેશ ઉર્ફે મિલન ઉફે ભાયો માદેવાભાઈ મેંડ ૩. અનીલ જયંતીલાલ પોકાર ૪. અનીલ મણીલાલ ગોરાણી ૫. કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોર ?(નોંધ: અન્ય ૭ આરોપીઓ હાલ ફરાર છે)

ગાંધીધામ : પૂર્વ કચ્છ એલસીબીની ટીમ દ્વારા દુધઈ વિસ્તારમાથી ઘરફોડ ચોરી કરતી અને વાયર ચોરી કરતી મોટી ગેંગને ઝડપી પાડી છે. આ બાબતે મળેલી વિગતો મુજબ એલસીબીની ટીમ કેબલ વાયર ચોરીના બનાવો અટકાવવાસક્રિય હતી. આ દરમિયાન, એલ.સી.બી. ટીમને અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોવા છતાં એક શંકાસ્પદ મહિન્દ્રા બોલેરો ગાડી મળી આવી હતી. ગાડીની તપાસ કરતા તેમાં તાંબાના વાયર મળી આવ્યા હતા, જે ચોરીના હોવાનું પ્રાથમિક પૂછપરછમાં જણાયું હતું. આરોપીઓની વધુ પૂછપરછ કરતા તેઓએ અનિલ પટેલની વાડીમાં પણ ચોરીનો અન્ય મુદ્દામાલ રાખ્યો હોવાની કબૂલાત કરી હતી. રેઈડ દરમિયાન ત્યાંથી વધુ ચોરીના કોપર વાયર મળી આવ્યા હતા. આરોપીઓએ દુધઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોટડા ગામની સીમમાં આવેલ એશિયા પેસેફિક પ્રા.લિ. કંપનીના સોલાર પ્લાન્ટના ગોડાઉનમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. આ અંગે દુધઈ પો.સ્ટે.માં ગુ.ર.નં. ૦૧૪૦/૨૬ (ભા.ન્યા.સં. ૩૦૫એ, ૩૩૯(૩)(૨) મુજબ) ગુનો નોંધાયેલ છે. પોલીસે મુદ્દામાલ કબજે કરી આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સપેક્ટર જે.એમ. વાળા, પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.જી. પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

### મુદ્દામાલની વિગત

- તાંબાના વાયર (૧૩૬ કિ.ગ્રા.): રૂ. ૯૫,૨૦૦/-
- મહિન્દ્રા બોલેરો: રૂ. ૫,૦૦,૦૦૦/- ડ્રીમ યુગા હોન્ડા (GJ-12-CU-૭૮૪૫): રૂ. ૨૫,૦૦૦/- રોકડા રૂપિયા: રૂ. ૧૨,૨૨૦/- મોબાઈલ ફોન (૫ નંગ): રૂ. ૨૫,૫૦૦/- કુલ કિંમત: રૂ. ૬,૫૭,૯૨૦/-

### આ મોડસ ઓપરેન્ડીથી થતી હતી ચોરી.!

આરોપી દિપક કંસારા ચોરી માટે સ્થળ નક્કી કરતો અને ટીપ આપતો. રાત્રિના સમયે આખી ગેંગ ચોરીને અંજામ આપતી. ચોરી કરેલો મુદ્દામાલ અનિલભાઈ જયંતીભાઈ પટેલ તથા અનિલ મણીલાલ પટેલની વાડીએ લઈ જઈ, વાયર સળગાવીને તેમાંથી તાંબુ કાઢી વેચી નાખતા હતા. આ ગેંગે અગાઉ ભચાઉ, સામખીયાળી, ચિત્રોડ અને સુરેન્દ્રનગર વિસ્તારમાં પણ ચોરીઓ કરી હોવાની કબૂલાત આપી છે.

## કાશ્મીરમાં રાજકીય પક્ષોમાં ઘૂસવાનો આતંકીઓને આઇએસઆઇનો આદેશ

શ્રીનગરઃ પાકિસ્તાનની એજન્સી આઈએસઆઈએ જમ્મુ કાશ્મીરમાં આતંકીઓને બચાવવા માટે નવી રણનીતિ અપનાવી છે. આઈએસઆઈએ પોતાના આતંકવાદીઓ, ઓવર ગ્રાઉન્ડ વર્કર્સને કહ્યું છે કે તેઓ ભારતીય સૈન્ય અને સુરક્ષા એજન્સીઓથી બચવા માટે ભારતની રાષ્ટ્રીય કક્ષાની રાજકીય પાર્ટીઓમાં જોડાવા લાગે. તાજેતરમાં આતંકીઓને મદદ કરનારા આવા કેટલાક આરોપીઓની પૂછપરછમાં આ ખુલાસો થયો છે.શ્રીનગર પોલીસ દ્વારા કેટલાક ઓવર ગ્રાઉન્ડ વર્કર્સની ધરપકડ કરવામાં આવી હતી. તેમની પૂછપરછમાં સામે આવ્યું કે ધરપકડ કરાયેલા કેટલાક આરોપીઓ રાજકીય પક્ષો સાથે જોડાયેલા હતા, આઈએસઆઈની આ નવી સ્ટ્રેટેજી હોવાનુંતપાસમાં સામે આવ્યું છે. આઈએસઆઈ જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓને એજન્સીઓની કાર્યવાહીથી બચાવવા માટે રાજકીય પક્ષોમાં ઘૂસાડી રહી છે.

## આણંદ જિલ્લામાં ગાજવીજ અને પવન સાથે વરસાદ

**પવનની તેજ ગતિના કારણે કેટલાક વિસ્તારોમાં વીજપુરવઠો ખોરવાઈ જવાની પણ પરિસ્થિતિ સર્જાઈ**



(એજન્સી દ્વારા) ગાંધીનગર : આણંદ જિલ્લામાં ગાજવીજ અને પવન સાથે વરસાદનું આગમન થયું છે. વહેલી સવારથી જ જિલ્લાના અનેક વિસ્તારોમાં ઝરમર વરસાદ વરસતા વાતાવરણ સંપૂર્ણપણે વરસાદી બની ગયું છે. વરસાદી માહોલને કારણે સમગ્ર જિલ્લામાં ઠંડક પ્રસરી ગઈ છે, જેના કારણે લોકોને ગરમીથી રાહત મળી છે. બીજી તરફ, પવનની તેજ ગતિના કારણે કેટલાક વિસ્તારોમાં વીજપુરવઠો ખોરવાઈ જવાની પણ પરિસ્થિતિ સર્જાઈ છે.

# મુન્દ્રામાં દારૂના અડ્ડાઓ પર એસએમસીના સરપ્રાઈઝ ચેકિંગથી બુટલેગર લોબીમાં ફફડાટ

**મુન્દ્રામાં સ્ટેટ મોનિટરીંગ સેલે પિસ્તોલ પકડ્યા બાદ દારૂના પોઈન્ટ પર ઓચિંતી મુલાકાતથી ચર્ચાઓ બની તેજ : હવે કોનો વારો આવશે તેવી ભીતિએ ઘણા બુટલેગરોએ શટર પાડ્યા**

ભુજ - કચ્છ ઉદય : જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી દેશી-વિદેશી દારૂનો કારોબાર વધ્યો હોવાની ફરિયાદ છે અગાઉ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે અનેક કાર્યવાહી કરી છે ત્યારે મુન્દ્રા તાલુકામાં પિસ્તોલ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા બાદ એસએમસીની ટીમે જિલ્લામાં અલગ-અલગ વિસ્તારોમાં ધમધમતા દારૂના પોઈન્ટ્સ પર આકસ્મિક દરોડા પાડતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જાણકારોના મતે, ચૂંટણી સમયે દારૂબંધીના કડક અમલને પગલે જે દારૂના અડ્ડાઓ બંધ થઈ ગયા હતા, તે આચારસંહિતા હટતાની સાથે ફરીથી ધમધમતા થઈ ગયા હતા. અગાઉ ભુજ તાલુકાના વડવાળા ગામમાં રૂ. ૪ કરોડના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો હોવા છતાં, તેના મુખ્ય આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી દૂર હોવાથી સ્થાનિક બુટલેગરોમાં એક પ્રકારનો છૂપો ડર હતો. પરંતુ હવે એસએમસીની ટીમે ફિલ્ડમાં ઉતરીને અડ્ડાઓ પર તપાસ શરૂ કરી છે, તેનાથી બુટલેગર લોબીમાં ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક સ્તરે પોલીસ તંત્રની કામગીરી સામે જ્યારે સવાલો ઉભા થઈ રહ્યા હતા, ત્યારે આ સરપ્રાઈઝ લટાર બુટલેગરો માટે આફત સમાન બની છે. અનેક બુટલેગરોએ પોતાના અડ્ડાઓ પર તાળા મારીને અંડરગ્રાઉન્ડ થવાનું પસંદ કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

એસએમસીની તપાસથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે અને કોનો વારો ક્યારે આવશે તેવો ગભરાટ જોવા મળી રહ્યો છે.

## નેપાળ બાલેન શાહના ભારત-નેપાળ સરહદ નિવેદન પર વિવાદ, વિદેશ મંત્રાલયે આપી સ્પષ્ટતા

:નેપાળના વડા પ્રધાન બાલેન શાહ, જેને બાલેન શાહ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમણે સંસદમાં એક વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી કે ભારતે નેપાળની જમીન પર કબજો કર્યો છે અને નેપાળે પણ ભારતીય જમીન પર કબજો કર્યો છે. આ નિવેદનથી વિવાદ સર્જાયો હતો, જેના કારણે નેપાળના વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા જારી કરી હતી. માહિતી અનુસાર, નેપાળના વિદેશ મંત્રાલયે રવિવારે સ્પષ્ટતા કરી હતી કે વડા પ્રધાન બાલેન શાહે સંસદમાં નેપાળ દ્વારા ભારતીય જમીન પર કબજો કરવા અંગે જે કહ્યું હતું તે કોઈ પણ પ્રદેશ પરનો દાવો નહોતો, પરંતુ બંને બાજુના લોકો દ્વારા નેપાળ-ભારત સરહદ પાર જમીન પર કબજો અને ઉપયોગ વિશે હતો.રવિવારે સંસદમાં સાંસદોના પ્રશ્નોના જવાબમાં, વડા પ્રધાન બાલેન શાહે (ભ્ક્ઙ્ગીહ જીરક્ષ્ર) કહ્યું કે વડા પ્રધાન બન્યા પછી, તેમને ખબર પડી કે ભારતે નેપાળની જમીન પર કબજો કર્યો છે, પરંતુ નેપાળે પણ ઘણી જગ્યાએ ભારતીય જમીન પર કબજો કર્યો છે. હવે, નેપાળના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લોક બહાદુર પૌડેલ છેત્રીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે વડા પ્રધાનની ટિપ્પણી મુખ્યત્વે સરહદ પર નો-મેન'સ-લેન્ડ વિસ્તારમાં અતિક્રમણ અને જેને તેમણે સરહદ પાર કબજો ગણાવ્યો હતો તે સંબંધિત છે.

## ભુજોડી પાસે બલ્કરના ચાલકે વોલ્વો બસ સાથે સર્જ્યો અકસ્માત



**બંને વાહનના ચાલકને ઈજાઓ થઈ : બસ રાજકોટથી ભુજ આવતી હતી**

ભુજ - કચ્છઉદય : રાજકોટથી ભુજ તરફ આવતી એસટીની વોલ્વો બસને આજે બપોરે ભુજોડી પાસે અકસ્માત નડ્યો હતો.

બસ આવતી હતી અને સામેથી બલ્કરના ચાલકે ગાડી ભટકાવતા વોલ્વોની કેબીનમાં નુકશાન થયું હતું. બંને વાહનના ચાલકોને ઈજાઓ થઈ હતી. અકસ્માતને પગલે બસમાં સવાર પ્રવાસીઓ નીચે ઉતરી આવ્યા હતા. રસ્તા પર ટ્રાફિકજામ થયો હતો. અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડવાની તજવીજ હાથ ધરાઈ હતી. ભુજ એસટી વિભાગના કર્મચારીઓ પણ સ્થળ પર દોડી ગયા હતા.

### પૂર્વ કચ્છ પોલીસનું 'Say No To Drugs' મિશનઃ ૫ મહિનામાં ૩૯ NDPS કેસ, ૫૨ આરોપીઓ ઝડપાયા

ગાંધીધામ : પૂર્વ કચ્છ ગાંધીધામ જિલ્લામાં નશીલા અને માદક પદાર્થોના વેચાણ, હેરાફેરી અને સેવન સામે પોલીસ દ્વારા સઘન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. 'Say No To Drugs in East Kutch' મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૫ દરમિયાન જિલ્લામાં કુલ ૩૬ NDPS કેસ નોંધાયા હતા, જેમાં ૭૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.જ્યારે ચાલુ વર્ષ ૨૦૨૬માં તા. ૦૧ જાન્યુઆરીથી ૩૧ મે સુધીમાં પૂર્વ કચ્છ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન અને શાખાઓ દ્વારા ૩૯ NDPS કેસોનો પર્દાફાશ કરવામાં આવ્યો છે, જેમાં ૫૨ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.પૂર્વ કચ્છ પોલીસે જનતાને અપીલ કરી છે કે જિલ્લામાં ક્યાંય પણ નશીલા પદાર્થોની હેરાફેરી, વેચાણ કે સેવન જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરે અને નશામુક્ત સમાજના નિર્માણમાં સહભાગી બને.જેના માટે જિલ્લા પોલીસ દ્વારા વિવિધ મહત્વના સંપર્ક નંબર જાહેર કરાયા છે પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક, ગાંધીધામ – ૯૯૭૮૪ ૦૫૬૯૦,નાયબ પોલીસ અધિક્ષક, અંજાર વિભાગ – ૯૯૭૮૪ ૦૮૨૪૫, નાયબ પોલીસ અધિક્ષક, ભચાઉ વિભાગ – ૯૯૭૮૪ ૦૨૦૨૬,પોલીસ ઈન્સપેક્ટર, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ – ૯૭૨૩૪ ૯૩૫૩૪,જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ – ૬૩૫૯૬ ૨૬૮૪૫

# સ્વદેશી હથિયાર સેનામાં સામેલ કરવાનું કામ ઝડપી કરીશું

**દેશના નવા ચીફ ઓફ ડિફેન્સનું પદ જનરલ સુબ્રમણિએ સંભાળ્યું**



નવી દિલ્હી દેશના ચીફ ઓફ ડિફેન્સ (સીડીએસ)નું પદ સંભાળ્યા બાદ જનરલ એનએસ રાજા સુબ્રમણિએ જણાવ્યું હતું કે અમે આપણા દેશની સંપ્રભુતા અને ક્ષત્રિય અખંડતાની રક્ષા માટે પ્રતિબધ્ધ છીએ અને સેનાના આધુનિકીકરણ પર સૌથી પહેલું ફોક્સ રહેશે.તેમણે કહ્યું હતું કે અમે વડાપ્રધાનના જેએઆઈ વિઝન, જોઈન્ટનેસ (ત્રણેય સેનાઓ વચ્ચે બહેતર તાલમેલ) આત્મ નિર્ભરતા અને ઈનોવેશનને આગળ વધારવા માટે પ્રતિબધ્ધ છીએ આત્મ નિર્ભરતા આપણી રાષ્ટ્રીય સુરક્ષાનો એક મહત્વપૂર્ણ આધાર છે.

અમે દેશમાં બનેલ હથિયારો અને રક્ષા પ્રણાલીઓના વિકાસ તેની ખરીદી અને તેને સેનામાં સામેલ કરવાની પ્રક્રિયાને વધુ તેજ બનાવશું. તેમણે જણાવ્યું હતું કે નવી વિચારધારા અને નવી ટેકનિકથી કામ કરવું અમારી સૈન્ય ક્ષમતાઓને મજબૂત બનાવવાનો આધાર બનશે.

# રાજયમાં 'વસ્તી ગણતરી-૨૦૨૭'નો પ્રથમ તબક્કો આજથી શરૂ; પ્રથમવાર સંપૂર્ણ ડિજિટલ માધ્યમથી થશે જનગણના

ગાંધીનગરઃ રાજયમાં આજે ૧લી જૂનથી વસ્તી ગણતરી ૨૦૨૭ ના પ્રથમ તબક્કાનો પ્રારંભ થયો છે. રાજયના તમામ જિલ્લાઓ મહાનગરપાલિકાઓ તેમજ ગામડાઓમાં વસ્તી ગણતરી નો આજથી પ્રારંભ થયો છે આ વસ્તી ગણતરી માટે ૧.૧૦ લાખ કર્મચારીઓ વસ્તી ગણતરીની કામગીરીમાં જોડાશે. 'જનગણનાથી જન કલ્યાણ'ના મંત્ર સાથે દેશમાં વસ્તી ગણતરી-૨૦૨૭ની પ્રક્રિયાનો પ્રથમ તબક્કો આજથી ગુજરાતભરમાં શરૂ થયો છે. કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ અને જનગણના કાર્ય નિર્દેશાલય, ગુજરાત દ્વારા આ મહત્ત્વાકાંક્ષી અભિયાન સંપૂર્ણ ડિજિટલ માધ્યમથી હાથ ધરવામાં આવી રહ્યું છે, જે દેશના જનગણના ઈતિહાસમાં એક નવી પહેલ ગણાશે. પ્રાપ્ત વિગતો અનુસાર, વસ્તી ગણતરીના પ્રથમ તબક્કા અંતર્ગત આજ ૧ જૂન, ૨૦૨૬ થી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન રાજયભરમાં ઘર-યાદી અને મકાનોની ગણતરી હાથ ધરવામાં આવશે. આ તબક્કામાં રહેણાંક મકાનો, સુવિધાઓ અને ઘરેલુ વિગતોનું સર્વેક્ષણ કરવામાં આવશે. ત્યારબાદ બીજા તબક્કામાં તા. ૯ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ દરમિયાન વસ્તીની ગણતરી તેમજ જાતિ ગણતરીની કામગીરી કરવામાં આવશે. આ પ્રક્રિયા દ્વારા રાજ્ય અને દેશના વિકાસ માટે જરૂરી આંકડાકીય માહિતી એકત્રિત કરવામાં આવશે.જનગણના પ્રક્રિયામાં નાગરિકોની સીધી ભાગીદારી વધારવા માટે શરૂ કરાયેલી સ્વ-ગણતરી ઝુંબેશને પણ નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો છે. અત્યાર સુધીમાં રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રી સહિત અંદાજે ૩.૭૪ લાખથી વધુ મહાનુભાવો અને નાગરિકો આ ઝુંબેશમાં સહભાગી બની ચૂક્યા છે.જનગણના કાર્ય નિર્દેશાલય, ગુજરાત દ્વારા નાગરિકોને જનગણના સંબંધિત કોઈપણ પ્રકારની માહિતી, પૂછપરછ કે મૂંઝવણ માટે ભારત સરકારના ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર ૧૮૫૫ પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. ઉપરાંત વધુ માહિતી માટે censusindia.gov.in ની મુલાકાત લેવાની પણ અપીલ કરવામાં આવી છે.રાજ્ય સરકાર અને જનગણના તંત્રએ તમામ નાગરિકોને આ રાષ્ટ્રીય મહત્વના અભિયાનમાં સક્રિય સહયોગ આપવા તથા સાચી અને ચોક્કસ માહિતી પૂરી પાડી વસ્તી ગણતરી-૨૦૨૭ને સફળ બનાવવા અનુરોધ કર્યો છે.

## ભાજપ તથા મોદી સરકારને માતૃ સંસ્થા આરએસએસની ખુલ્લી સલાહ

# કોકરોચ જનતા પાર્ટી પર સંઘનો પ્રતિભાવ

**આપણે લોકતંત્રમાં દરેક અવાજ અને ભાવનાને સલામ આપવું જોઈએ : અલગ - અલગ મંતવ્યોની સામાજીક ચર્ચા થાય તે સ્વાભાવિક**

નવી દિલ્હી : સોશ્યલ મીડીયામાં જબરો ક્રેઝ સર્જી ગયેલ કોકરોચ જનતા પાર્ટી અંગે એક તરફ સરકાર અને ભાજપ તેને વિદેશી હાથ અને વિપક્ષનું કાવતરુ ગણાવી રહ્યા છે તથા મોદી સરકારને અસ્થિર કરવાનું પણ ષડયંત્ર હોવાનું કહેતા ખચકાતા નથી. તે સમયે જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પ્રથમ વખત આ મુદા પર મૌન તોડતા જણાવ્યું કે લોકતંત્રમાં તમામ અવાજો અને ભાવનાઓને સાંભળવી જોઈએ અને તેના માટે જગ્યા પણ છે. આ પ્રકારના અવાજ સામે ચિંતા કરવાની કોઈ વાત નથી. આરએસએસની આ સલાહ ભાજપ અને સરકારના વલણ સામે ટકોર હોવાનું માનવામાં આવે છે. સંઘના વરિષ્ઠ નેતા સુનિલ આંબેકરએ એક વાતચીત દરમ્યાન જણાવ્યું કે લોકતાંત્રીક સમાજમાં અલગ અલગ મંતવ્ય આવતા હોય છે અને તેની જાહેર ચર્ચા એ સ્વાભાવિક પ્રક્રિયા છે તેને કોઈ ચિંતા કે આંચકાની રીતે જોવી જોઈએ નહી.



**સોશ્યલ મીડીયા પર વાયરલ થયેલ વર્ચ્યુઅલ પાર્ટી મુદે સંઘના પ્રચાર પ્રમુખ સુનિલ આંબેકરનું સ્પષ્ટ મંતવ્ય**

અત્રે ઉલ્લેખનીય છે કે, કોકરોચ જનતા પાર્ટી સોશ્યલ મીડીયામાં ફોલોઅર્સની સંખ્યામાં ભાજપથી પણ આગળ નીકળી ગઈ છે. અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ તરીકે સંઘમાં જવાબદારી સંભાળી રહેલા શ્રી આંબેકરે જણાવ્યું કે આપણે એક જાગૃત સમાજ છીએ અને લોકતાંત્રીક પ્રક્રિયાનું પાલન કરીએ છીએ. આપણે પારદર્શી ચુંટણી, સ્વતંત્ર મીડીયા અને સોશ્યલ મીડીયા પણ મૌજૂદ છે જયાં રોજ ખુલ્લી ચર્ચા થાય છે અને મને લાગે છે.

## પહેલા પાનાથી...

### દેશમાં મોંઘવારી

દલ્હીમાં ૫ કિલોવાળા ફ્રી- સિલિન્ડરની નવી કિંમત ૮૨૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે.આ સમગ્ર મોંઘવારીના ઘટનાક્રમ વચ્ચે સામાન્ય માણસ અને ઘરનું બજેટ સંભાળતી ગૃહિણીઓ માટે એક રાહતના સમાચાર પણ છે. ઓઈલ કંપનીઓએ ઘરગથ્થુ રસોઈ ગેસ એટલે કે ૧૪.૨ કિલોગ્રામવાળા સિલિન્ડરની કિંમતોમાં હાલમાં કોઈ ફેરફાર કર્યો નથી. તેના દર સ્થિર રાખવામાં આવ્યા છે, જેનાથી સામાન્ય મધ્યમવર્ગીય પરિવારોના માસિક બજેટ પર સીધો અસર નહીં પડે. જોકે, કોમર્શિયલ ગેસ મોંઘો થવાની પરોક્ષ અસર સામાન્ય માણસના ખિસ્સા પર ચોક્કસ પડશે, કારણ કે બહારનું ખાવાનું અને ચા-નાસ્તો મોંઘા થવાનું લગભગ નક્કી છે.

### ઓપરેશન મ્યૂલ

કેસમાં કુલ ૨૨૮૯ કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મ્યૂલ એકાઉન્ટ એવા બેંક એકાઉન્ટ છે જેનો ઉપયોગ સાયબર ગુનેગારો છેતરપિંડીથી મેળવેલા નાણાં મેળવવા, ટ્રાન્સફર કરવા અને લૉન્ડરિંગ કરવા માટે કરે છે. જે વ્યક્તિ આ એકાઉન્ટ ધરાવે છે તેને ''મની મ્યૂલ'' તરીકે ઓળખવામાં આવે છે. આ ખાતાઓની મદદથી સાયબર ગુનેગારો એક ખાતામાંથી બીજા ખાતામાં નાણાં ટ્રાન્સફર કરી દે છે. ગુજરાત પોલીસે આવા મ્યૂલ અકાઉન્ટની ઓળખ કરીને તેમની સામે કાર્યવાહી કરવા માટે જ આ ઓપરેશન ચલાવ્યું છે. મ્યૂલ અકાઉન્ટ જાણીજોઈને અથવા અજાણતા સાયબર ગુનાઓમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

વર્ષ ૨૦૨૫માં ગુજરાત પોલીસ અને સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા ઓપરેશન મ્યૂલ હન્ટ ૧.૦ ચલાવવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં તમામ પોલીસ કમિશ્નર, રેન્જ વડાઓ, લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સપેક્ટર્સ અને સાયબર પોલીસ સ્ટેશનોને જોડવામાં આવ્યા હતા. આ ઓપરેશનનું દૈનિક મોનિટરિંગ કરીને પ્રોગ્રેસ રિપોર્ટ વડી કચેરીએથી લેવામાં આવ્યો હતો. ગુજરાત પોલીસની ટીમે ઈન્ડિયન સાયબરક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર, NCRP પોર્ટલ, સમન્વય પોર્ટલ અને ૧૯૩૦ હેલ્પલાઈન દ્વારા મળેલા ડેટાને સંકલિત કર્યો હતો. આ ડેટા ઈન્ટેલિજન્સના આધારે તમામ જિલ્લાઓમાં નોડલ અધિકારીઓની નિમણૂક કરીને ફિલ્ડ પર મળેલી ફરિયાદો માટે સપોર્ટ ટીમ બનાવવામાં આવી હતી. તમામ બેંકોને રિયલ ટાઈમ ડેટા શેરિંગ માટે સૂચનાઓ આપીને યોગ્ય સંકલન કરવામાં આવ્યું હતું. આ રીતે ડેટા ઈન્ટેલિજન્સ અને યોગ્ય સંકલન દ્વારા મ્યૂલ અકાઉન્ટની ગુનાહિત પ્રવૃતિના મૂળ પર ઘા કરીને ગુજરાત પોલીસે અભૂતપૂર્વ પરિણામો પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી છે.

મ્યૂલ અકાઉન્ટ સામેની આ કામગીરીને વધુ કાર્યક્ષમ અને પ્રોએક્ટિવ બનાવવાના હેતુથી, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના દિશાનિર્દેશન અંતર્ગત ઈન્ડિયન ડિજિટલ પેમેન્ટ ઈન્ટેલિજન્સ કોપરેશન (ૈંઙ્ઘૈંઝ) દ્વારા આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજીના ઉપયોગથી રિસ્ક સ્કૉરિંગ પ્રણાલી અમલમાં મુકવામાં આવી રહી છે. આ પ્રણાલી અંતર્ગત દરેક ટ્રાન્ઝેક્શનને લૉ રિસ્ક, મીડિયમ રિસ્ક અને હાઈ રિસ્ક તરીકે વર્ગીકૃત કરવામાં આવશે જેથી શંકાસ્પદ અકાઉન્ટની ઓળખ કરી શકાય. આ સ્કોરના આધારે વિવિધ બેંક્રો જરૂરી કાર્યવાહી કરી શકે છે. ૈંઙ્ઘૈંઝને તેના માટે નોડલ એજન્સી તરીકે જવાબદારી આપવામાં આવી છે. શંકાસ્પદ અકાઉન્ટ અંગેની માહિતી વિવિધ બેંક્રો વચ્ચે શેર કરવા માટે ઙ્ઘૈંઈરેહીૈ.ૈં નામની રજીસ્ટ્રી પણ બનાવવામાં આવી છે.

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં છેલ્લા ૧૧ વર્ષોમાં ભારતમાં ડિજિટલ ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ

સાયબર ક્રાઈમની વધી રહેલી ઘટનાઓ અંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સતત ચિંતા વ્યક્ત કરી છે અને ડિજિટલ અરેસ્ટ સહિતના વિવિધ સાયબર ગુનાઓ સામે નાગરિકોએ ડર્યા વિના વધુ જાગરૂકતા સાથે ડિજિટલ પ્રક્રિયાઓ કરવા જણાવ્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં છેલ્લા ૧૧ વર્ષોમાં ભારતમાં ડિજિટલ ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ સર્જાઇ છે. ભારતમાં ઈન્ટરનેટના વપરાશકર્તાઓની સંખ્યા અત્યારે ૧૦૦ કરોડથી પણ વધુ છે જે ૧૧ વર્ષ પહેલા ૨૫ કરોડ હતી. ઈન્ટરનેટ ઉપભોક્તાઓમાં વધારો અને પાર્લામેન્ટથી લઈને પંચાયતો સુધી 'ભારતનેટ' થી જોડાવું એ ડિજિટલ ઈન્ડિયાની બહુ મોટી સિદ્ધિ છે. બ્રોડબેન્ડ કનેક્શનમાં પણ ૧૬ ટકાનો વધારો થયો છે. ભારત નેટ પરિયોજના હેઠળ ૧૧ વર્ષ પહેલા માત્ર ૫૪૬ પંચાયતો જોડાયેલી હતી, પરંતુ આજે ૨ લાખથી વધુ ગ્રામ પંચાયતો આ પરિયોજના સાથે જોડાઈ ચૂકી છે. એવી જ રીતે UPI ટ્રાન્ઝેક્શનમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના જણાવ્યા અનુસાર સાયબર સુરક્ષા હવે માત્ર આર્થિક સુરક્ષાનો મુદ્દો રહ્યો નથી; હવે તે રાષ્ટ્રીય સુરક્ષા સાથે પણ જોડાઈ ગયો છે. તેથી આર્થિક, સામાજિક, વહીવટી અને રાષ્ટ્રીય સુરક્ષાના આયામોને મજબૂતીથી સુરક્ષિત કરવા અને આ ડિજિટલ ક્રાંતિને આગળ વધારવી એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

### રાજ્યસભાની ૪ બેઠકો

છે. ચર્ચાઓ અનુસાર, સંગઠનાત્મક અને સામાજિક ગતિશીલતાને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. અહેવાલો અનુસાર, જગદીશ વિશ્વકર્માની દિલ્હી મુલાકાત દરમિયાન રાજ્યસભાના ઉમેદવારો અંગે મહત્વપૂર્ણ ચર્ચાઓ થવાની સંભાવના છે.

સૌરાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે અંજલીબેન રૂપાણી (Anjaliben Rupani) રાજ્યસભા માટે લાયક હોઈ શકે છે. પક્ષ સામાજિક ગતિશીલતા અને ૨૦૨૭ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ઉમેદવારોના નામ નક્કી કરી શકે છે.ચર્ચાઓ અનુસાર, ચૂંટણીઓ પછી, રાજ્યસભામાં ગુજરાત ક્વોટામાં કોંગ્રેસનું પ્રતિનિધિત્વ શૂન્ય થઈ શકે છે, જ્યારે ભાજપની સંખ્યાત્મક તાકાત મજબૂત થશે. હાલમાં, ભાજપ ૧૧ માંથી ૧૦ બેઠકો ધરાવે છે અને કોંગ્રેસ પાસે એક છે. રાજ્યસભામાં બેઠક મેળવવા માટે ઘણા નેતાઓ દ્વારા પડદા પાછળ લોબિંગ શરૂ કરવામાં આવ્યું છે. ભાજપ પાસે પૂરતી સંખ્યાત્મક તાકાત હોવાથી, એવું માનવામાં આવે છે કે ચૂંટણીઓ મોટાભાગે ઔપચારિકતા હશે.

### દિલ્હીમાં ભાજપના

અભિયાનો માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવશે. સંગઠનાત્મક કાર્યની સમીક્ષા કરવામાં આવશે અને રાજ્યોમાં પાર્ટીની પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવામાં આવશે. આગામી ચૂંટણીઓ માટેની તૈયારીઓ અને નવી વ્યૂહરચનાઓની બેઠકમાં વિગતવાર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત, સંગઠનાત્મક વિસ્તરણ અને બૂથ સ્તરે પાર્ટીને મજબૂત બનાવવા જેવા મુદ્દાઓ પર ખાસ ભાર મૂકવામાં આવશે.

### મધ્ય-પૂર્વમાં

એર ડિફેન્સ સિસ્ટમને તાત્કાલિક એક્ટિવ કરી દીધી છે, જે દુશ્મન તરફથી આવી રહેલી મિસાઈલો અને ડ્રોનને હવામાં જ તોડી પાડી રહી છે.આ દરમિયાન અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ દ્વારા ઈરાન પર સૈન્ય હુમલા કરવાની પુષ્ટિ કરવામાં આવી છે. સેન્ટકોમના જણાવ્યા અનુસાર, ઈરાને આંતરરાષ્ટ્રીય જળસીમામાં ઉડી રહેલા અમેરિકન MQ-૧ ડ્રોનને તોડી પાડ્યું હતું, જેના જવાબમાં અમેરિકાએ 'સેલ્ફ-ડિફેન્સ' (સ્વ-બચાવ) હેઠળ ઈરાન પર મર્યાદિત એરસ્ટ્રાઈક કરી છે. શનિવાર અને રવિવાર દરમિયાન કરાયેલા આ હુમલામાં અમેરિકન ફાઈટર એરક્રાફ્ટે ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમ, ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન અને બે વન-વે એટેક ડ્રોનને નષ્ટ કરી દીધા છે. ઈરાનના ગોરુક વિસ્તાર અને કેશ્મ દ્વીપ પર આવેલા રડાર તેમજ ડ્રોન કમાન્ડ સેન્ટરોને નિશાન બનાવવામાં આવ્યા છે.બીજી તરફ, અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી શાંતિ વાર્તા નિષ્ફળ જતાં ઈઝરાયલે પણ લેબનાનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર હુમલા તીવ્ર કરી દીધા છે. રવિવારે ઈઝરાયલ દ્વારા લેબનાન પર કરાયેલા જોરદાર હુમલામાં અનેક ઈમારતો જમીનદોસ્ત થઈ ગઈ હોવાના અહેવાલ છે. આ તરફ લેબનાનમાં તણાવ ઘટાડવા માટે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ લેબેનોનના રાષ્ટ્રપતિ જોસેફ ઔન અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે રાજદ્વારી વાતચીત કરી છે.અમેરિકાએ પ્રસ્તાવ મૂક્યો છે કે, પ્રથમ તબક્કામાં હિઝબુલ્લાહ ઈઝરાયલ પરના તમામ હુમલા બંધ કરે અને તેના બદલામાં ઈઝરાયલ બેરૂતમાં તણાવ વધારવાનું બંધ રાખે. લેબેનોનના રાષ્ટ્રપતિ આ પ્રસ્તાવ માટે તૈયાર હતા, પરંતુ લેબેનોનની સંસદના અધ્યક્ષ નબીહ બેરીએ પહેલા ઈઝરાયલ પર હુમલા રોકવાનું દબાણ ઊભું કર્યું છે, જેના કારણે રાજદ્વારી ગતિરોધ હજુ યથાવત છે.

### પશ્ચિમ બંગાળ

તરીકે સામેલ કરવામાં આવ્યા છે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના વિવિધ પ્રદેશો અને સમુદાયોને યોગ્ય પ્રતિનિધિત્વ આપી વહીવટી માળખાને વધુ મજબૂત બનાવવાનો છે. નવા વિસ્તૃત મંત્રી પરિષદમાં કુલ ૩૫ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેનું માળખું નીચે મુજબ છેઃ ૧. કેબિનેટ મંત્રીઓ (૧૩ સભ્યો): આ કેબિનેટ મંત્રીઓમાં દીપક બર્મન, તાપસ રોય, ડૉ. શંકર ઘોષ, મનોજ કુમાર ઓરાં, અર્જુન સિંહ, ગૌરી શંકર ઘોષ, સ્વપન દાસગુપ્તા, જગન્નાથ ચટ્ટોપાધ્યાય, કલ્યાણ ચક્રવર્તી, અજય પોદ્દાર, સારદવત મુખર્જી, દૂધ કુમાર મંડલ અને અનુપ કુમાર દાસનો સમાવેશ થાય છે. ૨. રાજ્ય મંત્રીઓ - સ્વતંત્ર હવાલો (૩ સભ્યો): માલા ખાન, ડૉ. રવા રોય અને રાજેશ મહતોને રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. ૩. રાજ્ય મંત્રીઓ (૧૯ સભ્યો): વિસ્તૃત મંત્રી પરિષદમાં ૧૯ રાજ્ય મંત્રીઓનો સમાવેશ થાય છે, જેમાં જોએલ મુર્મુ, હરે કૃષ્ણ બેરા, આનંદમય બર્મન, અશોક ડિંડા, નાદિયાર ચંદ બૌરી, વિશાલ લામા, શાંતનુ પ્રામાણિક, મૌમિતા બિશ્વાસ, ઉમેશ રે, પૂર્ણિમા ચક્રવર્તી, કૌશિક ચૌધરી, ભાસ્કર ભટ્ટાચાર્ય, અમજી કલરાજ, ગિરાજી, બિશ્ર્વર બિસ્વાસ, દીપાંકર જના અને સુમના સરકાર વગેરેનો સમાવેશ થાય છે. વહીવટી અસરઃ આ કેબિનેટ વિસ્તરણને પશ્ચિમ બંગાળના રાજકીય ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

## એનસીબી જો ઉંડી ઉતરી પૂર્વ ઈતિહાસ ચકાસે

# - તો મુંદરા ડ્રગ્સકાંડમાં બંટી-લાકડાના બની બેઠેલ વેપારી આણી ત્રિપુટીના શ્રીલંકા સોપારી કૌભાંડનો થાય પર્દાફાશ

**સીરીયાથી મુંદરા-દિલ્હી-દહેરાદુન-યુપી-બિહાર સુધી કડીઓ ધરાવતા કેપ્ટાગોન ડ્રગ્સ કેસમાં પૂર્વ કચ્છના બહુચર્ચિત ચહેરાઓ બંટી-બની બેઠલ લાકડાનો વેપારી આગેવાન- અને મુંબઈ કસ્ટમમાં થોડા સમય પહેલા જ રીટાયર્ડ થયેલા ઉચ્ચ અધિકારીનો ચકચારી ભાઈવાળી ત્રપુટી અગાઉ પણ એક જાબાંજ કસ્ટમ અધિકારીના હથ્થે સોપારી પ્રકરણમાં ચડી ચૂકયા છે : આ ત્રિપુટી ઈન્ડોનેશીયાથી લવાયેલી સિગારેટને શ્રીલંકાથી આવેલી દેખાડીને અંદાજે દોઢેક દાયકા પહેલા પણ એજન્સીના સાણસામાં આવી ચુકયા છે, તે વખતે આ ત્રિપુટીની કચેરીમાથી જ વિવાદીત ડોકયુમેન્ટસ હાથે લાગી ગયા હતા અને લાયસન્સ રદ થઈ ચુકયુ છે..!**

**આ ત્રિપુટીના શખ્સો દાણચોરી-મીસડીકલેરેશન કારનામામાં પણ અઠંગ જ છે : દોઢેક દાયકા પહેલા સોપારી દાણચોરીની રીંગ ગોઠવી ચુકયા હોય તો પછી હાલમાં તો ફાટીને ફુલેકે ચડી જ જાય ને..! : ૧૫૦ કન્ટેઈનર તે સમયે આ ગેંગના દાણચોરીયુકત સોપારીના ઝડપાઈ ગયા હતા**

ગાંધીધામ : નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો દ્વારા તાજેતરમાં જ ચોકકસ માહીતીના આધારે મુંદરા બંદરેથી રીક્ષામા છુપાવેશમાં ગુપ્ત ઓપરેશન પાર પાડીને કેપ્ટાગોન જેવા જેહાદી ડ્રગ્સનો કરોડોનો જથ્થો પકડી પાડયો છે. આ કેસમાં દિલ્હીમાં એક સીરીયન નાગરીક તથા બારોઈ-મુંદરાથી એક ફોલ્ડરીયાને ઉઠાવાઈ લીધો છે અને તપાસ ચાલી જ રહી છે ત્યારે જાણકારો કહી રહ્યા છે કે, જો એનસીબી આ પ્રકરણમાં ઉંડી ઉતરશે તો બારોઈ વાળા ફોલ્ડરીયાના આક્કા એવો આદિપુરનો બંટી, લાકડાનો બની બેઠલ વેપારી આગેવાન તથા રાજુની ત્રિપુટી સુધી તો રેલો ચોકકસથી લંબાશે પરંતુ તેની સાથોસાથ જ આ ત્રિપુટી દ્વારા આજથી નહી પરંતુ દોઢ દાયકા કરતા વધુ સમયથી આ રીતે પ્રતિબંધિત વસ્તુઓની દાણચોરી થતી હોવાુન અને તેમાં આ ત્રિપુટીની પેઢીનું લાયસન્સ પણ રદ થવા પામી ચુક્યુ હોવાનુ આપોઆપ ખુલવા પામી જશે.

આ મામલે જાણકોરની વાત માનીએ તો કહેવાય છે કે, આદિપુરનો બંટી અને લાકડાના બની બેઠલા વેપારી આગેવાનની ત્રિપુટી વરસોથી આવા ગુનાઓ આચરવામાં અઠંગ માનસીકતા ધરાવી રહ્યા છે. કહેવાય છે કે, આજથી દોઢેક દાયકા પહેલા પણ સોપારીના દાણચોરીનાનેટવર્કને આ ગેગ ધમધમાવતી હતી પરંતુ તે વખતે તેઓને એક જાબાંજ અને કડક અધિકારીનો ભેંટો થવા પામી જતા તેમના સોપારી દાણચોરીના મોટા પ્રકરણનો કાચોચીઠ્ઠો બોલતા દસ્તાવેજી પુરાવાઓનો મોટો ખજાનો તેમની જ કચેરીમાથી મળી આવવા પામ્યો હતો.

જાણકારોની વાત માનીએ તો આદીપુરનો બંટી, લાકડાનો બની બેઠેલ વેપારી ઠગ-આગેવાન અને રાજુની ત્રિપુટીએ ૧૫થી ૧૮ વર્ષ પહેલા પણ સોપારીની દાણચોરીઓ કરી હતી. ઈન્ડીયાના નામનું પેઢીનુ તે વખતે લાયસન્સ આ સોપારી દાણચોરીમાં કેન્સલ થવા પામી ગયુ હતુ. તે વખતે ઈન્ડોનેશીયાથી સોપારી લાવવામાં ૧૦૦ ટકા ડયુટી લાગતી હતી અને શ્રીલંકાથી જીરો ડયુટી હતી. આ ગેગ સોપારી ઈન્ડોનેશીયાથી જ લાવતા હતા જયાથી લાવાવમા ૧૦૦ ટકા ડયુટી લાગી શકે તેમ હતી પરંતુ આ ટોળકી તેને કાગળ પર શ્રીલંકાથી લાવી હોવાનુ દેખાડતા હતા. એક જાબાંજ અને ચબરાક અધિકારીએ આ ટોળકીના તે વખતે ૧૫૦ જેટલા કન્ટેઈનરો અટકાવી અને એક મોટો ધાક બેસાડતો કેસ કરી દીધો હતો અને સોપારી દાણચોરી કાંડમાં આ ગેંગને તે વખતે ધોળા દીવસે તારા જોવાની સ્થિતી આવી જવા પામી હતી. હાલમાં જો એનસીબી આ કેસમાં પણ ઉંડી ઉતરી અને પૂર્વ કચ્છની આ દાણચોર ટોળકી તરીકે પંકાયેલા આદિપુરનાબંટી, લાકડાના બની બેઠેલા ઠગ વેપારી આગેવાન તથા રાજુ નામના શખ્સના કોલર પડકશે તો ન માત્ર ડ્રગ્સ કેસ આ ઉપરાંત પણ અગાઉ કઈક અલગ અલગ પ્રકારના આચરાયેલા કરોડોના આવા કારસ્તાનો પરથી પણ પડદો ઉચકાઈ શકશે.

## બન્ની વિસ્તારમાં તંત્ર દ્વારા પાણીમાં કાપ મુકાતા પાણીની અછત સર્જાઈ

ભુજ - કચ્છઉદય : ધારાસભ્યના માર્ગદર્શન હેઠળ પાણીની સમસ્યા અંગે બેઠકમાં પાણીની અછત અંગે ચર્ચા કરવામાં આવેલ હતી, પરંતુ બેઠક બાદ બન્ની વિસ્તારના ગામોમાં અગાઉથી અપાતા પાણીના પુરવઠામાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ ઓપરેટરોને ખાસ સૂચનાઓ આપી પાણીનો જથ્થો ઓછો આપવા જણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. જેના કારણે ભીરંડીયારા સહિત સમગ્ર બન્ની વિસ્તારના ગામોમાં પાણીની ભારે અછત સર્જાઈ રહી છે. હાલની પરિસ્થિતિમાં લોકો તથા પશુધન બંનેને પાણી માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

પાણી પુરવઠામાં થયેલ ઘટાડો તાત્કાલિક બંધ કરાવી અગાઉ મુજબ પૂરતું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે તથા પાણી વ્યવસ્થામાં જરૂરી સુધારા કરવામાં આવે. જ્યાં સુધી પાણી પુરવઠામાં વધારો શક્ય ન બને ત્યાં સુધી હાલ મળતા પાણીમાં કોઈ પ્રકારનો કાપ મૂકવામાં ન આવે તેવી ભીરંડિયારા ગ્રામ પંચાયતના સરપંચ ખાનમામદ અબ્દ્રેમાન રાયશીએ જણાવ્યું હતું.

## કેરા પાસે ખાનગી કંપનીમાં ટ્રકની ટક્કરે દિવાલ પડતા આધેડનું મોત

ભુજ - કચ્છઉદય : તાલુકાના કેરા ગામે વી ક્રોંકીટ કંપનીમાં ટ્રકની ટક્કરે દિવાલ પડતા આધેડનું મોત થયું હતું. આ બાબતે જી.કે. જનરલ હોસ્પિટલ ચોકીમાંથી જાણવા મળતી વિગતો મુજબ ગઈકાલે બપોરે આ બનાવ બન્યો હતો. મરણજનાર કૈયારી ગામના ડુંગરાજી ઉર્ફે ડુંગરશી રબારી દિવાલની પાછળના ભાગે સુતા હતા. પ્લાન્ટમાં પંજાબ પાર્સીંગની ટ્રકના ચાલકે પોતાની ગાડી રીવર્સમાં ચલાવતા દિવાલને ટક્કર મારી હતી. દિવાલની પાછળના ભાગે આધેડ સુતા હતા, ટક્કરના કારણે દિવાલ પડી જતા ગંભીર ઈજાઓ થવાના કારણે આધેડને સારવાર માટે ભુજ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે માનકુવા પોલીસે નોંધ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# પારદર્શિતા સાથે થતાં સેવાકીય કાર્યની સફળતા સાર્થક ગણાય






**ભુજમાં ક્ષત્રિય સેવા સંગઠનની વાર્ષિક હિસાબ બેઠક સમાજરત્ન અને કચ્છ જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને મળી**





ભુજ - કચ્છઉદય : ભુજના જયનગર રોડ સ્થિત શક્તિધામ ખાતે યોજાયેલા ક્ષત્રિય સેવા સંગઠનના એક અત્યંત પ્રેરણાદાયી કાર્યક્રમમાં સમાજસેવાના કાર્યોની અને સંસ્થાકીય પારદર્શિતાની વિશેષ નોંધ લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને સમાજના અગ્રણીઓની હાજરીમાં સંગઠનની વર્ષભરની કામગીરી અને નાણાકીય હિસાબોનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. રાપરના ધારાસભ્ય અને સમાજના પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમાજના મહાનુભાવોએ લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોઈપણ સેવાકીય કાર્યની સફળતા ત્યારે જ સાર્થક ગણાય જ્યારે તેની પાછળ સંપૂર્ણ પારદર્શિતા હોય. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે દર વર્ષે સંગઠન દ્વારા જે રીતે હિસાબો સમાજની સામે મૂકવામાં આવે છે, તેનાથી સંસ્થાની વિશ્વસનીયતા વધે છે અને કાર્યને સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવામાં વધુ બળ મળે છે. કાર્યક્રમમાં ઉપસ્થિત સમાજના દાતાઓ અને ભામાશાહ સમાન શ્રેષ્ઠીઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું. સમાજના નિર્માણમાં તેમનો ફાળો અમૂલ્ય છે. સમાજની અન્ય સંસ્થાઓ જેવી કે સમાજવાડી, કન્યા છાત્રાલય તેમજ મેડિકલ અને એજ્યુકેશન ટ્રસ્ટોને પણ અનુરોધ કરાયો હતો કે તેઓ પણ આવી જ પારદર્શિતા દાખવીને પોતાના વાર્ષિક અહેવાલ અને હિસાબ સમાજ સમક્ષ રજૂ કરે, જેથી સમાજમાં વિશ્વાસનું એક મજબૂત વાતાવરણ ઊભું થાય. તમામ ક્ષત્રિય બંધુઓને આ સેવાકીય અભિયાનમાં જોડાઈને સંગઠનના સભ્ય બનવા અને સમાજસેવાના આ મહાયજ્ઞમાં પોતાનું યોગદાન આપવા માટે સમાજના આગેવાનોએ અપીલ કરી હતી.

સમાજની સેવાકીય પ્રવૃત્તિઓની વિગતો આપતા મહામંત્રી રામદેવસિંહ જાડેજાએ ખાસ ભાર મૂક્યો હતો કે સંસ્થા દ્વારા કચ્છના વિવિધ વિસ્તારોમાં જરૂરિયાતમંદ બહેનો સુધી પહોંચીને તેમને મદદ કરવામાં આવે છે. હાલમાં અંજારથી શરૂ થયેલી આ પહેલ દ્વારા ૧૯૩ જેટલી જરૂરિયાતમંદ બહેનોને તેમના ઘર સુધી પહોંચતી કરવામાં આવતી માસિક કિટના વિતરણ વિશે તેમણે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યનો મૂળ ઉદ્દેશ્ય માત્ર આર્થિક મદદ કરવાનો જ નથી, પરંતુ સમાજની દીકરીઓ અને બહેનોના આત્મસન્માનને જાળવી રાખી તેમને સહયોગ આપવાનો છે. શ્રી જાડેજાએ આ સંવેદનશીલ કાર્યમાં જોડાયેલા તમામ કાર્યકરોની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, કચ્છના ખૂણે-ખૂણે રહેલા લાભાર્થીઓ સુધી પહોંચીને જે રીતે સેવાનું કાર્ય કરવામાં આવ્યું છે તે સમગ્ર સમાજ માટે ગૌરવની વાત છે.

આ પ્રસંગે ચેતનાબા જાડેજા, જોરાવરસિંહ રાઠોડ, ગજેન્દ્રસિંહ જાડેજા, મહાવીરસિંહ જાડેજા, અમરસંગજી સોઢા, પરાક્રમસિંહ જાડેજા, ચમનસિંહ સોઢા, જયદેવસિંહ વાઘેલા, ઘનશ્યામસિંહ જાડેજા, ગેલુભા જાડેજા, સહદેવસિંહ જાડેજા, માધુભા જાડેજા, પ્રફુલસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ ઝાલા, મહોબતસિંહ જાડેજા, દાદુભા ચૌહાણ વગેરે હાજર રહ્યા હતા.

# હિન્દુ રાષ્ટ્રના પુનઃનિર્માણ માટે શક્તિ સંપન્ન સમાજનું નિર્માણ સમયની માંગઃ સુનિલ મહેતા

**અંજારમાં સંઘ શિક્ષા વર્ગ સંપન્ન : ૧૯૪ સ્થળોના ૨૮૪ સ્વયંસેવકોએ લીધી તાલીમ**







અંજાર - કચ્છઉદય : અંજાર સ્થિત મુરલીધર વિદ્યાલય ખાતે સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘ શિક્ષા વર્ગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ગમાં સૌરાષ્ટ્રના ૧૯૪ વિવિધ સ્થળો પરથી કુલ ૨૮૪ સ્વયંસેવકોએ ઉપસ્થિત રહીને શારીરિક, બૌદ્ધિક, વ્યવસ્થા અને સેવાકીય કૌશલ્યોની સઘન તાલીમ પ્રાપ્ત કરી હતી. આ વર્ગના કાર્યવાહ દિપકભાઈ ગમઢાએ જણાવ્યું હતું કે, વર્ગ દરમિયાન અંજાર નગર અને આજુબાજુના વિસ્તારોમાંથી માધુકરી યોજનાના માધ્યમથી લગભગ ૫૦૦૦ માતૃશક્તિએ સ્વયંસેવકોના ભોજન માટે રોટલી અને રોટલાનો સહયોગ આપ્યો હતો, જે બદલ તેમણે આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત, વર્ગ દરમિયાન ૧૪૫ પરિવારો દ્વારા માતૃહસ્તે ભોજનનો વિશેષ કાર્યક્રમ પણ યોજાયો હતો.

સમારોહમાં ઉપસ્થિત મચ્છોયા આહીર સમાજના પ્રમુખ અને અતિથિ વિશેષ તેજાભાઈ રમાભાઈ કાનગડે પ્રમુખ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, દેશ પર આવતા કોઈપણ સંકટ સમયે સંઘના સ્વયંસેવકો નિઃસ્વાર્થ ભાવે મદદ માટે સૌથી પહેલા દોડી આવે છે. દેશની દરેક સમસ્યાઓના સમાધાનમાં સંઘના સ્વયંસેવકો મદદરૂપ થાય છે, આવા રાષ્ટ્રકાર્ય માટે પોતાની બોર્ડિંગનો ઉપયોગ કરવા બદલ તેમણે સંઘને ધન્યવાદ પાઠવ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય વક્તા સુનિલભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે દેશભરમાં ૧૦૧ સ્થળો ઉપર આવા વર્ગો યોજાયા છે અથવા યોજાનાર છે. સંઘના સ્વરૂપ પર પ્રકાશ પાડતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે સંઘ કોઈ લશ્કરી સંગઠન કે અખાડો નથી, પરંતુ તેનું મુખ્ય લક્ષ્ય ઈશ્વર નિર્મિત હિન્દુ રાષ્ટ્રનું પુનઃનિર્માણ કરવાનું છે. આ પુનઃનિર્માણ માટે વૈભવ અને શક્તિ સંપન્ન સંગઠિત હિન્દુ સમાજ તૈયાર કરવાનું કામ સંઘ કરી રહ્યું છે. તેમણે ડો. કેશવ બલીરામ હેડગેવારના વ્યક્તિત્વને યાદ કરતા જણાવ્યું કે સંઘની સ્થાપના વિશિષ્ટ પદ્ધતિથી થઈ હતી.

આજે સંઘના સો વર્ષ પૂર્ણ થવાના અવસરે શાખાના માધ્યમથી સ્વયંસેવકોમાં આત્મીયતાના ભાવ જાગૃત થયા છે, જેના કારણે તેઓ સમાજના સુખ-દુઃખને પોતાના ગણે છે.

વક્તાએ હિન્દુ સમાજની સ્થિતિનું વર્ણન કરતા જણાવ્યું હતું કે, આજે સમાજમાં ચાર પ્રકારના હિન્દુઓ જોવા મળે છે. પ્રથમ જેમને પોતાના હિન્દુ હોવા પર ગર્વ છે, બીજા જેઓ હિન્દુ તો છે પણ પૂર્વજોના ઈતિહાસની જાણકારીના અભાવે ગૌરવ અનુભવતા નથી, ત્રીજા જેઓ હિન્દુ હોવાનું જાહેર કરતા સંકોચ અનુભવે છે, અને ચોથા જેઓ પોતાની જાતને હિન્દુ કહેવડાવવામાં ખચકાય છે.

જોકે, સંઘની સો વર્ષની યાત્રા બાદ સમાજમાં ધીમે ધીમે હિન્દુ ચૈતન્ય જાગૃત થઈ રહ્યું છે. સજ્જન લોકો આજે સંઘ સાથે મળીને રાષ્ટ્રના ભગીરથ કાર્યમાં સાથ આપવા તૈયાર છે. અંતમાં તેમણે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી કે આવી સંગઠિત હિન્દુ શક્તિના આધારે ભારત માતાને ફરીથી જગતજનનીના સ્થાન ઉપર પુનઃપ્રતિષ્ઠિત કરી શકાશે.

## આડેસર વિસ્તારમાં એલસીબીનો સપાટોઃ ૬.૨૬ લાખના વિદેશી દારૂ સાથે બે આરોપી ઝડપાયા




ગાંધીધામ : પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચે આડેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશન અંગે મોટી કાર્યવાહી હાથ ધરી છે. વરણુ ગામ નજીક મેળક બેટ વિસ્તારમાં રણમાંથી વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમીના આધારે ગોઠવાયેલી વોચ દરમિયાન એક સ્કોર્પિયો કારનો પીછો કરી પોલીસે ભીખા વેલાભાઈ કોલી (રહે. પ્રાગપર, તા. રાપર) અને નરેશ તમાસીભાઈ કોલી (રહે. ભીમાસર, તા. રાપર)ને ઝડપી પાડ્યા હતા.

તપાસ દરમિયાન કારમાંથી ૨૨૪ બોટલ વિદેશી દારૂ, બે મોબાઈલ ફોન અને સ્કોર્પિયો કાર સહિત કુલ ૬,૨૬,૪૧૬નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. જ્યારે આ કેસમાં ઝાલો પટેલ (રહે. અમરાપર, તા. રાધનપુર, જી. પાટણ) ફરાર હોવાનું સામે આવ્યું છે. સમગ્ર કાર્યવાહી એલસીબીના પીઆઈ જે.એમ. વાળા, પીએસઆઈ ડી.જી. પટેલ અને તેમની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

## નાના વરનોરા અને રાયધણપર ગામમાં ૧૦૦ પોલીસ કર્મચારીઓનો બંદોબસ્ત યથાવત

**નજીવી બાબતે કરાયેલા હુમલામાં પોલીસે ચાર સગીર સહિત ૨૦ શખ્સોની અટક કરી**

ભુજ - કચ્છઉદય : તાલુકાના રાયધણપર ગામના ચોક પાસે યુવાનો બેઠા હતા ત્યારે નાના વરનોરા ગામના કેટલાક શખ્સો બાઈક લઈને નિકળ્યા અને સામે જોવા અને સ્પીડમાં બાઈક ચલાવવા મુદ્દે થઈ અને મામલો વણસ્યો જેમાં નાના વરનોરા ગામના ટોળાએ રાયધણપર ગામમાં લાઈટો બંધ કરી પથ્થરમારો કરવા સાથે ગાડી ચડાવી હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવમાં શુક્રવારે રાત્રે માધાપર પોલીસ પહોંચી ત્યારે પથ્થરમારામાં બે પોલીસ કર્મચારીને પણ ઈજા થઈ હતી. પોલીસ પર હુમલા અને ગામ લોકો પર હુમલાના બનાવમાં બે અલગ અલગ ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં મુખ્ય ફરિયાદમાં ચાર સગીર સહિત ૨૦ શખ્સોની અટક કરવામાં આવી છે. જયારે બાકીના ૧૦ જેટલા શખ્સો હજુ પણ ફરાર છે. જયારે પોલીસ પર હુમલો કરનાર આરોપીઓ પણ ફરાર હોવાનું જાણવા મળે છે.

બન્ને ગામોમાં ત્યારથી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને વાહન ચેકીંગ સહિતની કામગીરી થઈ રહી છે. બન્ને ગામોમાં પશ્ચિમ કચ્છ પોલીસના ૧૦૦ જેટલા અધિકારી - કર્મચારી બંદોબસ્તમાં હોવાનું જાણવા મળ્યું છે. શનિવારે નાના વરનોરા ગામમાં ૧૪ જેટલા વીજ કનેક્શન અપાયા હતા અને ૧૦ દબાણોને નોટીસ અપાઈ હતી.

## છેલ્લા પાનાનું ચાલુ..

**કચ્છના નબળા**

છે. હવેથી બાળકોના પ્રવેશની સાથે તેમના વાલીઓનું પણ ફરજિયાત કાઉન્સેલિંગ કરવામાં આવશે.


કચ્છ જેવા વિશાળ ભૌગોલિક વિસ્તાર ધરાવતા જિલ્લામાં સ્થળાંતર અને સામાજિક કારણોસર બાળકોના શાળા છોડવાનું પ્રમાણ ચિંતાનો વિષય રહ્યો છે.

આ પરિસ્થિતિને ડામવા માટે શિક્ષણ વિભાગે આ વખતે વિશેષ આયોજન કર્યું છે. જે અંતર્ગત ૬.૪૧ લાખ બાળકોના પુનઃપ્રવેશના રાજ્યવ્યાપી લક્ષ્યાંકમાં કચ્છના બાળકોનો પણ સમાવેશ થાય છે. માત્ર શાળામાં નામ નોંધાવવાથી શિક્ષણનો હેતુ સિદ્ધ થતો નથી, પરંતુ બાળક વર્ગખંડમાં નિયમિત હાજર રહે તે અત્યંત આવશ્યક છે.

આ માટે હવે વાલીઓને શિક્ષણનું મહત્વ અને બાળકની કારકિર્દી ઘડવામાં શિક્ષણની અનિવાર્ય ભૂમિકા અંગે સભાન કરવામાં આવશે.

રાજ્યભરમાં કાઉન્સેલિંગના સત્રો દરમિયાન વાલીઓને સમજાવવામાં આવશે કે શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નથી, પરંતુ ગરીબી અને પછાતપણાના ચક્રમાંથી બહાર આવવાનું સૌથી સશક્ત માધ્યમ છે. ખાસ કરીને કચ્છના શ્રમિક વર્ગ અને ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા દૂર કરવા માટે આ ઝુંબેશ ઉપયોગી સાબિત થશે. વાલીઓને એ વાતની ગંભીરતા સમજાવવામાં આવશે કે દીકરો હોય કે દીકરી, તેમને નિયમિત શાળાએ મોકલવા એ તેમની પાયાની જવાબદારી છે. સરકારની વિવિધ યોજનાઓ અને મધ્યાહન ભોજન જેવી સવલતો હોવા છતાં જો બાળક શાળાએ ન આવે, તો તે વાલીઓની જાગૃતિના અભાવને સૂચવે છે. જે હવે દૂર કરવા માટે તંત્ર કટિબદ્ધ છે.

## શીરવા પાસે રેતી ભરેલું ડમ્પર પકડાયું




માંડવી - કચ્છઉદય : તાલુકાના શીરવા - લાયજા રોડ પર શીરવા બસ સ્ટેશનથી આગળ પુલીયા પાસે ટાટા ડમ્પર નંબર જી.જે.૦૨ ડીએકસ ૫૨૭૭ ને અટકાવી તેમાં ભરેલી રેતી બાબતે ચાલક માંડવીના કમલેશ પ્રતાપ જોગી પાસે આધાર પુરાવા માગતા મળી આવ્યા ન હતા. જેથી એલસીબીએ વાહન ડીટેઈન કરી માંડવી પોલીસને જાણ કરી ખાણ ખનીજ વિભાગને રીપોર્ટ મોકલવામાં આવ્યો હતો.

## માંડવી જીતો મહિલા વિંગનો શપથવિધિ સમારોહ યોજાયો



માંડવી - કચ્છઉદય : જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન ભુજ ચેપ્ટર અંતર્ગત જીતો લેડીઝ વિંગ - માંડવીની સ્થાપના અને શપથવિધિ સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત નવકાર મહામંત્ર અને દીપ પ્રાગટ્ય ગુજરાત ઝોનના ચેરમેન સંજીવ છાજેર, વાઈસ ચેરમેન કેતન મહેતા, ટ્રેઝરર મોહનજી, ઝોન લેડીઝ વિંગના કન્વીનર સંગીતા શાહ, એડમિનિસ્ટ્રેટર સુમનજી, ભુજ ચેપ્ટરના ચેરમેન પંકજ મહેતા તથા ચીફ સેક્રેટરી બીર્જુ શાહ કર્યું હતું.

પંકજ મહેતાએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, ભુજ ચેપ્ટરની વિવિધ પ્રવૃત્તિઓ, સમાજસેવા, યુવા વિકાસ, વ્યવસાયિક નેટવર્કિંગ તથા મહિલા સશક્તિકરણ માટેના પ્રયાસોની વિસ્તૃત માહિતી આપી હતી. બીર્જુ શાહે ચેપ્ટરની કામગીરી, ભાવિ યોજનાઓ અને માંડવી લેડીઝ વિંગની રચનાના મહત્ત્વ અંગે પ્રકાશ પાડ્યો હતો. સંજીવ છાજેરે મહિલા નેતૃત્વ અને સમાજસેવામાં મહિલાઓની ભૂમિકા અંગે સમજ આપી હતી. કેતન મહેતાએ સંગઠનની શક્તિ અને એકતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. મોહનજીએ નવી ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. સંગીતા શાહે મહિલાઓને સંગઠિત થઈ સમાજ અને વ્યવસાય ક્ષેત્રે આગેવાનો લેવા પ્રેરિત કર્યા હતા. ડૉ. કિંજિવ કૌશિક શાહને માંડવી લેડીઝ વિંગના સ્થાપક અધ્યક્ષ તરીકે શપથ લેવડાવ્યા હતા. તેમની સાથે કાશ્મીરા શ્રેણિક શાહ (ઉપાધ્યક્ષ), શીલા રાજુ શાહ (સચિવ), ભાવ્યા પલક શાહ (સંયુક્ત સચિવ) તથા અનિતા ઋષભ પટવા (ખજાનચી) એ પણ હોદ્દાની શપથગ્રહણ કરી હતી. કાર્યક્રમ દરમિયાન ભુજ ચેપ્ટરમાં શ્રેણિક શાહ, હેમલ શાહ, સિદ્ધાર્થ શાહ, રોહન ગાલા અને કુમાર શાહને સભ્યોના સમાવેશની જાહેરાત પણ કરવામાં આવી હતી. માંડવી નગરપાલિકાના નવ નિર્વાચિત જૈન કોર્પોરેટરો પારસ શાહ અને મલય લાલનનું વિશેષ સન્માન કરાયું હતું. સંચાલન કૌશિક શાહે અને આભારવિધિ શીવા શાહ અને દીપાલી શાહે કરી હતી.

# અંજારમાં 'મહાવીર ડેવલપર્સ'ના નવા વ્યવસાયિક સંકુલનું ભવ્ય ઉદ્ઘાટન






**દોશી રીટાબેન રમણીકલાલ પરીવાર, આનંદભાઈ દોશી તથા જીજ્ઞેશભાઈ દોશી પરીવાર પર સ્નેહી વર્તુળ-મોભી-સામાજિક આગેવાન-જાહેરજીવનના અગ્રણીઓએ પાઠવી ભાવભરી શુભકામના**



## પિતાશ્રીના અલૌકિક આર્શીવાદથી વાતાવરણ ભાવુક-ગૌરવવંતુ બન્યું

## કોઈપણ ઉન્નતિનો પાયો વડીલોના આર્શીવાદ પર ટકેલો હોય છે : મહાવીર ડેવલોપર્સનો હદયભાવ

**આજે 'મહાવીર ડેવલપર્સ'માં દીકરા-દીકરી વચ્ચે કોઈ ભેદભાવ રાખ્યા વિના, પરિવારના દરેક સભ્યોને સાથે લઈને ચાલવાની જે પરંપરા છે, તે પિતૃશ્રીની પ્રગતિશીલ વિચારધારાનું પ્રતિબિંબ છેઃ પિતૃશ્રીના આશીર્વાદને શિરોધાર્ય કરીને, કંપનીના વડાઓએ જણાવ્યું હતું કે, અમે પિતૃશ્રીના માર્ગદર્શન મુજબ ધંધાના નવા શિખરો સર કરીશું અને પરિવારનું નામ વધુ ઉજ્જવળ બનાવીશું**


ગાંધીધામ : કોઈપણ ઉન્નતિનો પાયો વડીલોના આશીર્વાદ પર ટકેલો હોય છે. આ ભાવના સાથે, 'મહાવીર ડેવલપર્સ' દ્વારા તેમની નવી ઓફિસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કંપનીના સ્થાપક પિતૃશ્રીના સ્મરણો અને તેમના દ્વારા પાઠવવામાં આવેલા આશીર્વાદોએ વાતાવરણને અત્યંત ભાવુક અને ગૌરવવંતુ બનાવી દીધું હતું. મહાવીર ડેવલોપર્સના જીજ્ઞેશભાઈ અને આનંદભાઈએ વ્યકત કરેલ હદયભાવ અનુસાર નવી ઓફિસના ઉદ્ઘાટન પ્રસંગે વીડિયો સંદેશ દ્વારા પિતૃશ્રીએ તેમના સંતાનોને જે સુભાષીસ અને આશીર્વાદ આપ્યા, તે કંપનીની મૂડી સમાન ગણાવ્યા છે અને તેઓએ કહ્યુ કે, પિતૃશ્રીએ તેમના આશીર્વાદમાં જણાવ્યું હતું કે દીકરાઓ, તમે મને દિલથી યાદ કર્યો, તેનો આભાસ મને સ્વર્ગમાં પણ થયો છે. તમારી પ્રગતિ જોઈને મારા હૃદયમાં અત્યંત ગર્વ અને આનંદની લાગણી જન્મે છે.તમે હંમેશા એકતા, પ્રેમ અને સંસ્કાર સાથે આગળ વધતા રહો, હું હંમેશા તમારી સાથે હતો, છું અને રહીશ. ત્રણ પેઢીથી ચાલતા આપણા કાપડના વ્યવસાયથી લઈને રિયલ એસ્ટેટ ક્ષેત્ર સુધીની સફરમાં ઈમાનદારી અને સંસ્કારોનું સિંચન પિતૃશ્રી દ્વારા કરવામાં આવ્યું છે. વીડિયોમાં દર્શાવ્યા મુજબ, ભૂકંપ જેવી વિકટ પરિસ્થિતિમાં પણ હિંમત ન હારનાર અને ફરીથી વ્યવસાયને જીવંત કરનાર પિતૃશ્રીના જીવનમંત્રને નવી પેઢી આજે પણ અનુસરી રહી છે.આજે 'મહાવીર ડેવલપર્સ'માં દીકરા-દીકરી વચ્ચે કોઈ ભેદભાવ રાખ્યા વિના, પરિવારના દરેક સભ્યોને સાથે લઈને ચાલવાની જે પરંપરા છે, તે પિતૃશ્રીની પ્રગતિશીલ વિચારધારાનું પ્રતિબિંબ છે.પિતૃશ્રીના આશીર્વાદને શિરોધાર્ય કરીને, કંપનીના વડાઓએ જણાવ્યું હતું કે, અમે પિતૃશ્રીના માર્ગદર્શન મુજબ ધંધાના નવા શિખરો સર કરીશું અને પરિવારનું નામ વધુ ઉજ્જવળ બનાવીશું''. નવી ઓફિસની આ સફર પિતૃશ્રીના આદર્શો અને તેમના દિવ્ય આશીર્વાદના બળે સતત વિકાસ કરતી રહેશે.



અંજાર : અંજાર ખાતે તેમના ૨૩ વર્ષના સફળ મહાવીર ડેવલપર્સ દ્વારા વ્યાવસાયિક સફર બાદ, હવે વ્યવસાયના વિસ્તારના ભાગરૂપે નવા આધુનિક વ્યવસાયિક સંકુલનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જીગ્નેશભાઈ દોશી અને તેમના પરિવાર દ્વારા રિબીન કાપીને વિધિવત રીતે આ નવા સંકુલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્નેહી મિત્રો, શુભેચ્છકો અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા અને મહાવીર ડેવલપર્સની આ નવી સિદ્ધિ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.આ કાર્યક્રમમાં સામાજિક જીવનના અગ્રણીઓ તેમજ વિવિધ રાજકીય આગેવાનોએ વિશેષ ઉપસ્થિત રહીને જીગ્નેશભાઈ દોશી અને સમગ્ર દોશી પરિવારને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. મહેમાનોએ નવા સંકુલની મુલાકાત લીધી હતી અને મહાવીર ડેવલપર્સની ઉત્તરોત્તર પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.આ અવસરે ઉપ સ્થિત સૌ કોઈએ જીગ્નેશભાઈ દોશી પરિવારને અભિનંદન પાઠવ્યા હતા અને સંસ્થાની આ નવી શરૂઆતને ભવ્ય સફળતા મળે તેવી કામના કરી હતી.

# આદિપુરમાં પાણીના ટાંકામાં ડૂબી જતાં યુવકનું કરૂણ મૃત્યુ

ગાંધીધામ : આદિપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક દુઃખદ અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં ઘરમાં આવેલા અંડરગ્રાઉન્ડ પાણીના ટાંકામાં પ ડી જતાં એક યુવકનું ડૂબી જવાથી મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આદિપુરના કેશરનગર-૧ વિસ્તારમાં રહેતા જગદીશભાઈ રામજીભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૪૧) કોઈ કારણસર તેમના ઘરના અંડરગ્રાઉન્ડ પાણીના ટાંકામાં પડી ગયા હતા. પાણીમાં ડૂબી જવાથી તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃતકને સારવાર અર્થે આદિપુરની ડિવાઈન લાઈફ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં આદિપુર પોલીસે તપાસ હાથ ધરી હતી. મૃતકના ભાઈ ભરતભાઈ રામજીભાઈ પ્રજાપતિ દ્વારા પોલીસને આ અંગે જાણ કરવામાં આવી હતી. આ મામલે આદિપુર પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત નં. ૨૧/૨૦૨૬, બીએનએસએસ ની કલમ ૧૯૪ મુજબ નોંધ કરવામાં આવી છે. પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ (પી.એમ.) માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલાની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.એમ. ડુવા સાહેબ દ્વારા કરવામાં આવી રહી છે.




# બાંડિયા ખાતે રૂ.૨૪ કરોડથી વધુના ખર્ચે બનનાર માધ્યમિક શાળાનું પી.એમ.જાડેજાના હસ્તે ખાતમુહુર્ત





નલિયા : બાંડિયા મધ્યે રૂ.૨૪ કરોડથી વધુના ખર્ચે બનનાર માધ્યમિક શાળાનું ધારાસભ્ય પી.એમ.જાડેજાના હસ્તે ખાતમુહુર્ત કરાયું હતું.


આ પ્રસંગે ધારાસભ્ય દ્વારા અબડાસાના અબજોના વિકાસ કર્યો રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર મંજૂર કરાઈ રહ્યા છે તેની માહિતી આપી હતી. છેડવાના ત્રણે તાલુકાના પ્રશ્નો માટે સરકારનો સકારાત્મક પ્રતિભાવ બદલ તેમણે મુખ્યમંત્રી અને મંત્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય પી.એમ.જાડેજા સાથે જયેન્દ્રસિંહ જાડેજા, પ્રમુખ અબડાસા તાલુકા પંચાયત, જયદીપસિંહ જાડેજા, પ્રમુખ અબડાસા તાલુકા ભાજપ, પરેશભાઈ ભાનુશાલી મંત્રી કચ્છ જિલ્લા ભાજપ, વિનોદભાઈ દરજી (ઉપપ્રમુખ અબડાસા તાલુકા પંચાયત) , કમાભાઈ રબારી મોથાળા જિલ્લા પંચાયત સભ્ય, રાજુભા સોઢા વાયોર જિલ્લા પંચાયત સભ્યના પ્રતિનિધિ, નેત્રા ગામના સરપંચ




બહાદુરસિંહ જાડેજા, કાનજીભાઈ ગંઢેર બાંડિયા સરપંચ સહિત આજુબાજુના ગામોના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સિંધોડી મોટી ગામના સરપંચ અને તાલુકા ભાજપ મહામંત્રી ગોપાલભાઈ ગઢવી એ કર્યું હતું.

# મોટી ભુજપુર પાસે ટ્રક અને સ્કોર્પીયો વચ્ચેના ગમખ્વાર અકસ્માતમાં યુવાનનું મોત



મૃતક





**અકસ્માત એટલો ગંભીર કે સ્કોર્પીયોનો બુકડો બોલી ગયોઃ અન્ય બે ઘાયલ વ્યક્તિઓને સારવાર માટે લઈ જવાયા**

મુંદરા - કચ્છઉદય : તાલુકાના મોટી ભુજપુર નજીક ટ્રક અને સ્કોર્પીયો વચ્ચે ગમખ્વાર અકસ્માત થતા મુંદરાના આશાસ્પદ યુવાનનું મોત થયું હતું, જેને પગલે અરેરાટી ફેલાઈ હતી. આ બનાવમાં અન્ય બે વ્યક્તિઓ પણ ઘવાયા હતા, જેઓને સારવાર માટે ખસેડાયા છે.

આ બાબતે મળતી માહિતી પ્રમાણે ભુજપુર આંટી પાસે ગેલડા સર્કલ પર આ બનાવ બન્યો હતો. સ્કોર્પીયો માંડવીથી મુંદરા તરફ આવી રહી હતી અને ત્યારે આંટી પર ટ્રક સાથે ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ગંભી હતો કે, સ્કોર્પીયો કારમાં ઉપરનો છજો આખો ઉડી ગયો હતો. વાહનનો બુકડો બોલી ગયો હતો. તાત્કાલિક લોકો ભેગા થઈ ગયા અને તેમાં સવાર લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ અકસ્માત ગંભીર હોવાના કારણે આ બનાવમાં મુંદરામાં રહેતા હરેશભાઈ હીરજીભાઈ સીજુ નામના યુવાનનું મોત થયું હતું. તેઓ મુંદરામાં નિર્મલ ગેસ સર્વિસની એજન્સી સાથે સંકળાયેલા હતા.

આશાસ્પદ યુવાનના મોતથી ગમગીની ફેલાઈ હતી. અન્ય બે લોકોને પણ ઈજાઓ થતા તેઓને વધુ સારવાર માટે ગાંધીધામ લઈ જવાયા હોવાનું જાણવા મળ્યું છે. જેમાં સુનીલ માંજુ અને સુરેશકુમાર પ્રતાપરામને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. બનાવને પગલે સ્થળ પર લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. બનાવ સ્થળે પોલીસ મોડેથી પહોંચી હોવાનો ગણગણાટ સાંભળવા મળ્યો હતો.



## પશ્ચિમ કચ્છમાં અકસ્માતો વધ્યા પણ બ્લેક સ્પોટ શોધવામાં પોલીસ અને આરટીઓ નિષ્ફળ

છેલ્લા કેટલાક સમયથી પશ્ચિમ કચ્છ જિલ્લામાં અકસ્માતોનું પ્રમાણ ખુબ વધી ગયું છે. ખાસ કરીને વાહનો સ્લીપ થવા અને ભારે વાહનોની ટક્કરના કારણે અકસ્માતો થાય છે. અકસ્માત અટકાવવા માટે ટ્રાફીક પોલીસે આરટીઓ સાથે મળીને બ્લેક સ્પોટ શોધવા જોઈએ. ખાસ કરીને સ્પીડ બ્રેકર, રીફલેકટર, રસ્તાની ડીઝાઈન, સાઈન બોર્ડ બાબતે યોગ્ય પગલા ભરવામાં આવે તો અકસ્માતના બનાવો અટકી શકે તેમ છે. જો કે પશ્ચિમ કચ્છ જિલ્લામાં અકસ્માત અટકાવવા માટે પોલીસ કે આરટીઓ તરફથી નક્કર પગલાં ભરવામાં આવતા નથી. જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને રોડ સેફટી કમિટીની બેઠક મળે છે, પણ આ બેઠક માત્ર ઔપચારિકતા ખાતર યોજાતી હોય તેવું જણાઈ આવે છે. આરટીઓની ગાડી માત્ર ભુજ - ખાવડા હાઈવે પર દોડે છે. નખત્રાણા, મુંદરા, માંડવી સહિતના વિસ્તારો ભુજ આરટીઓને દેખાતા નથી. તેવી રીતે ટ્રાફીક પોલીસ પણ અમુક ચોક્કસ ડ્રાઈવ હોય કે વીવીઆઈપી આવવાના હોય ત્યારે રોડ પર દેખાય છે.

# સતત બીજી વાર આરસીબી આઈપીએલ ચેમ્પિયન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી આઈપીએલ ૨૦૨૬ની ફાઈનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પ્રભાવશાળી દેખાવ કરતાં ગુજરાત ટાઈટન્સને ૫ વિકેટે હરાવ્યું, આ સાથે જ આરસીબીએ વર્ષ ૨૦૨૫ બાદ ૨૦૨૬માં પણ આઈપીએલ ટાઈટલ પોતાને નામ કર્યું, મહત્વનું છે કે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરતાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગુજરાત ટાઈટન્સને ૧૫૫ રન પર રોકી દીધું હતું, જે બાદ આરસીબીએ ૧૫૬ રનનો ટાર્ગેટ આસાનીથી ચેઝ કરી લીધો અને બીજી વાર આઈપીએલ ચેમ્પિયન બનવાનું ગૌરવ મેળવ્યું હતું.










રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ આઈપીએલ ૨૦૨૬નો ખિતાબ જીતી લીધો છે. આરસીબી સતત બીજી વખત ચેમ્પિયન બન્યું છે. ફાઈનલ મેચમાં આરસીબીએ ગુજરાત ટાઈટન્સને ૫ વિકેટે કચડી નાખ્યું. ગુજરાતની ટીમે પ્રથમ બેટિંગ કરતા ૧૫૫ રન બનાવ્યા હતા, જેના જવાબમાં આરસીબીએ ૧૮મી ઓવરમાં જ લક્ષ્ય હાંસલ કરીને ઈતિહાસ રચી દીધો. વિરાટ કોહલીએ અણનમ ૭૫ રનની ઈનિંગ રમી હતી.

આરસીબી તરફથી ઓપનિંગમાં ઉતરેલા કોહલીએ વેંકટેશ ઐયરે તરખાટ મચાવ્યો, કાગિસો રબાડાની પહેલી જ ઓવર ખૂબ મોંઘી સાબિત થઈ. વેંકટેશ અય્યરે તેમની ઓવરમાં ૧૮ રન ફટકાર્યા. ૩ ચોગ્ગા અને એક છગ્ગો લગાવ્યો. તે ખેલાડી ઈજાગ્રસ્ત છે, તેમ છતાં તે ચોગ્ગા-છગ્ગામાં જ વાત કરી રહ્યો છે, બીજી તરફ રબાડાની બીજી ઓવરમાં કોહલીએ ચાર બોલમાં ૪,૪,૬,૪ રન ફટકારી ઓવરમાં ૧૯ રન લીધા.

ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સના બેટરો કોઈ કાઠું કાઢી શક્યા નહીં, હોમ ગ્રાઉન્ડ મોદી સ્ટેડિયમમાં ગુજરાતની ટીમ માત્ર ૨૦ ઓવરમાં ૧૫૫ રન જ બનાવી શકી, સુંદરે ૩૭ બોલમાં અણનમ ૫૦ રન બનાવ્યા, જ્યારે ગિલ ૧૦ રન, સાઈ ૧૨ રન તો બટલરે માત્ર ૧૯ રન બનાવ્યા, આરસીબી માટે રાસીખ સલામ ડારે ત્રણ વિકેટ તો ભુવનેશ્વર કુમાર અને હેઝલવૂડે બે-બે વિકેટ ચટકાવી હતી.

## આઈપીએલ ફાઈનલમાં આ ૫ સૌથી મોટા કારણોએ આરસીબીને સતત બીજી વખત બનાવ્યું ચેમ્પિયન

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલ મેચમાં તમામ અપેક્ષાઓ પર ખરી ઉતરતા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગુજરાત ટાઈટન્સને હરાવીને સતત બીજી વખત ચેમ્પિયન બનવાનું ગૌરવ હાસિલ કર્યું છે. આ ઐતિહાસિક કારનામા સાથે જ બેંગલુરુ આ ઉપલબ્ધિ મેળવનારી ચેન્નઈ અને મુંબઈ પછી આઈપીએલ ઈતિહાસની માત્ર ત્રીજી ટીમ બની ગઈ છે. લગભગ દોઢ મહિનો ચાલેલી આ ટૂર્નામેન્ટમાં ખિતાબી જીત સાથે એ સ્પષ્ટ થઈ ગયું છે કે આ ટીમે સતત બીજી વખત ચેમ્પિયન બનવા માટે પોતાની જાત પર કેટલી સખત મહેનત કરી છે. હેડ કોચ એન્ડી ફ્લાવર, સપોર્ટ સ્ટાફ અને મેનેજમેન્ટે પડદા પાછળ અદભુત કામ કર્યું, જેના કારણે ટીમ ચેમ્પિયન બની. ચાલો જાણીએ આરસીબીની જીતના એ ૫ સૌથી મોટા કારણો વિશે.

### ૧. આક્રમકતાને બનાવ્યો 'સક્સેસ મંત્ર'

કોચ એન્ડી ફ્લાવરની આગેવાનીમાં આરસીબીએ પોતાની સફળતાના સૂત્રનો આધાર માત્ર અને માત્ર આક્રમકતાને બનાવ્યો હતો. આ આક્રમક વિચાર બેટિંગ હોય, બોલિંગ હોય કે ફિલ્ડિંગ – દરેક ટીમ મેમ્બરમાં આ સ્પષ્ટ દેખાયું હતું. આ આક્રમક અભિગમને કેપ્ટન રજત પાટીદાર પોતાના ખભા પર લઈને આગળ વધ્યા, જેની અસર ટીમના સૌથી જુનિયર અને અનકેપ્ડ ખેલાડીઓના પ્રદર્શનમાં પણ જોવા મળી. જે આક્રમકતા સાથે આરસીબીએ આ મેગા ટૂર્નામેન્ટમાં એન્ટ્રી કરી હતી, તે જ એપ્રોચ સાથે બેટ્સમેનોએ ટૂર્નામેન્ટનો અંત કર્યો અને આ જ વિઝન ટીમની જીતનો મુખ્ય આધાર સાબિત થયું.

### ૨. ટોપ ઓર્ડરનું 'વિરાટ' પ્રદર્શન

આરસીબીની સફળતાનું બીજું સૌથી મોટું કારણ એ રહ્યું કે તેના મોટાભાગના ટોપ ઓર્ડરના બેટ્સમેનોના પ્રદર્શનમાં અદભુત સાતત્ય જોવા મળ્યું. આ ખેલાડીઓએ 'એટેક ઈઝ ધ બેસ્ટ પોલિસી' ના નિયમને છેલ્લી મેચ સુધી વળગી રહ્યા. ઓપનિંગમાં



વિરાટ કોહલીનો સાથ આપનારો બીજો છેડો સમય-સમય પર બદલાતો રહ્યો; પહેલા વિલ જેક્સ (બીથલ) નું ફોર્મ બગડ્યું તો ફિલ સોલ્ટ આવ્યા અને સોલ્ટ આઉટ ઓફ ફોર્મ થયા એટલે મેનેજમેન્ટે યોગ્ય સમયે વેંકટેશ અય્યરને ઓપનર બનાવીને માસ્ટરસ્ટ્રોક રમ્યો.

### ૩. કેપ્ટન રજત પાટીદારની ફ્રન્ટથી લીડિંગ

આરસીબીની સતત બીજી ખિતાબી જીતમાં જો રન બનાવવાના મામલે વિરાટ કોહલી મોખરે રહ્યા, તો કેપ્ટન રજત પાટીદાર ટીમના કરોડરજ્જુ સાબિત થયા. નંબર-૪ પર પાટીદારની તોફાની બેટિંગ શૈલી અને ફિલ્ડિંગ દરમિયાન તેની શાનદાર કેપ્ટનશીપે આરસીબીની જીતની લયને ક્યારેય તૂટવા ન દીધી. પાટીદાર આ ટૂર્નામેન્ટમાં ૫૦૦ થી વધુ રન બનાવનારા કેપ્ટનોની યાદીમાં સામેલ થયા. આરસીબીના કેપ્ટને ૧૫ મેચની ૧૪ ઈનિંગ્સમાં ૩૫.૭૮ ની એવરેજથી ૫૦૧ રન બનાવ્યા. આ દરમિયાન તેમણે ૫ અડધી સદી ફટકારી, પરંતુ જે વાત આ આંકડાઓમાં છુપાઈ ગઈ તે છે તેમનો ૧૯૨.૬૯ નો વિસ્ફોટક સ્ટ્રાઈક રેટ. તેઓ આખી ટૂર્નામેન્ટમાં સૌથી વધુ સ્ટ્રાઈક-રેટ રાખવાના મામલે છઠ્ઠા નંબરે રહ્યા અને આ જ બાબતે ઈઝમ્ને ચેમ્પિયન બનાવવામાં મોટી ભૂમિકા ભજવી.

### ૪. ભુવનેશ્વર કુમાર સાબિત થયા 'ગોલ્ડન હેન્ડ'

કોઈપણ ટીમ વિશ્વસનીય બોલરોના દમદાર પ્રદર્શન વગર ક્યારેય ચેમ્પિયન બની શકતી નથી. ૩૭ વર્ષીય ટીમ ઈન્ડિયાના સ્ટાર પેસર ભુવનેશ્વર કુમાર આ સીઝનમાં આરસીબી માટે 'ગોલ્ડન હેન્ડ' સાબિત થયા છે. કેપ્ટન રજત પાટીદારે જ્યારે પણ મુશ્કેલ સમયમાં ભુવી તરફ બોલ ફેંક્યો, ત્યારે તેણે કેપ્ટનને નિરાશ ના કર્યા. વાસ્તવિકતા એ છે કે જો બેટિંગમાં ખિતાબ જીતાડવામાં સૌથી મોટું યોગદાન વિરાટ કોહલીનું રહ્યું હોય, તો બોલિંગમાં આ જ ભૂમિકા ભુવનેશ્વર કુમારે નિભાવી છે. ભુવીએ ૧૬ મેચમાં ૬૩ ઓવર ફેંકીને ૨૮ વિકેટ ઝડપી હતી, અને તે આખી સીઝનનો બીજો સૌથી સફળ બોલર રહ્યો હતો.

### ૫. કૃણાલ પંડ્યા અને રાસિખ સલામનો શાનદાર સાથ

જો જીતના કારણોમાં મિડલ ઓર્ડરની કરોડરજ્જુ કેપ્ટન રજત પાટીદાર રહ્યા હોય, તો બોલિંગ અને બેટિંગ બંનેમાં આવી જ મહત્વની ભૂમિકા કૃણાલ પંડ્યાએ પણ નિભાવી છે. જો એમ કહેવામાં આવે કે આ સીઝન કૃણાલની આઈપીએલ કરિયરની સવર્શ્રેષ્ઠ સીઝન રહી, તો તેમાં કંઈ ખોટું નથી. કૃણાલ પંડ્યાએ બેટિંગમાં ૧૬ મેચની ૯ ઈનિંગ્સમાં ૩૭.૬૬ ની એવરેજ અને ૧ યાદગાર અડધી સદી સાથે ૨૨૬ રન બનાવ્યા હતા. તો બીજી તરફ, બોલિંગમાં પણ દમદાર પ્રદર્શન કરતા ૫૦.૩ ઓવરમાં ૧૪ વિકેટ પોતાના નામે કરી હતી. તે ટીમમાં સૌથી ઓછો ૮.૪૧ નો ઈકોનોમી રેટ ધરાવતો બોલર રહ્યો હતો. આ સિવાય જમ્મુ-કાશ્મીરના યુવા પેસર રાસિખ સલામે પણ ભુવનેશ્વર અને ટીમને જીતાડવામાં ઘણો મોટો ટેકો આપ્યો હતો. તેણે ૧૨ મેચમાં ૪૨.૫ ઓવર ફેંકીને ૧૯ મહત્વપૂર્ણ વિકેટો ઝડપી હતી.

## ચેમ્પિયન આરસીબી પર કરોડોનો વરસાદ: રનર-અપ ગુજરાત પણ માલામાલ

(પ્રતિનિધિ દ્વારા)


અમદાવાદ : આઈપીએલ ૨૦૨૬ના હાઈવોલ્ટેજ ખિતાબી મુકાબલા બાદ ભવ્ય એવોર્ડ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત બીજી વખત ચેમ્પિયન બનેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને રનર-અપ રહેલી ગુજરાત ટાઈટન્સ પર પૈસાનો વરસાદ થયો હતો. આ સાથે જ સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન શાનદાર પ્રદર્શન કરનારા ખેલાડીઓ અને ટીમોને કરોડો રૂપિયાની ઈનામી રકમ અને ખાસ એવોર્ડ્સથી નવાજવામાં આવ્યા હતા. વિજેતા બનેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમને ૨૦ કરોડની બમ્પર પ્રાઈઝ મની મળી હતી, જ્યારે ઉપવિજેતા ગુજરાત ટાઈટન્સને ૧૨.૫૦ કરોડથી સંતોષ માનવો પડ્યો હતો. ત્રીજા નંબરની ટીમ (રાજસ્થાન રોયલ્સને ૭ કરોડ અને ચોથા નંબરની ટીમ (સનરાઈઝર્સ હૈદરાબાદ) ને ૬.૫ કરોડ પ્રાઈઝ મની મળી હતી. આ સીઝનમાં યુવા ભારતીય બેટર વૈભવ સૂર્યવંશીએ ઓરેન્જ કેપ સહિત અનેક એવોર્ડ્સ જીતીને ભારે લાઈમલાઈટ લૂંટી હતી. ઓરેન્જ કેપ (સીઝનમાં સૌથી વધુ રન) વૈભવ સૂર્યવંશી (૭૭૬ રન) - ૧૦ લાખ, પર્પલ કેપ (સીઝનમાં સૌથી વધુ વિકેટ): કગિસો રબાડા (૨૯ વિકેટ) - ૧૦ લાખ, ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સીઝન: વૈભવ સૂર્યવંશી - ૧૦ લાખ, મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સીઝન: ૧૫ લાખ, સુપર સ્ટ્રાઈકર ઓફ ધ સીઝન: વૈભવ સૂર્યવંશી (કાર), સીઝનમાં સૌથી વધુ સિક્સ: વૈભવ સૂર્યવંશી (૭૨ છગ્ગા) - ૧૦ લાખ, સીઝનમાં સૌથી વધુ ડોટ બોલ: મોહમ્મદ સિરાજ - ૧૦ લાખ, સીઝનનો સવર્શ્રેષ્ઠ કેચ મનીષ પાંડે - ૧૦ લાખ, સીઝનમાં સૌથી વધુ ચોગ્ગા: સાઈ સુદર્શન (૭૫ ચોગ્ગા) - ૧૦ લાખ, ફેર પ્લે એવોર્ડ પંજાબ કિંગ્સના ફાળે રહ્યો હતો. પીચ એન્ડ ગ્રાઉન્ડ એવોર્ડ ઈડન ગાર્ડન્સ - ૫૦ લાખ, ફાઈનલ મેચમાં નીચે મુજબના એવોર્ડ્સ અપાયા હતા. પ્લેયર ઓફ ધ મેચ: વિરાટ કોહલી, સુપર સ્ટ્રાઈકર ઓફ ધ મેચ: વેંકટેશ અય્યર, સુપર સિક્સિસ ઓફ ધ મેચ: વિરાટ કોહલી, ઓન ધ ગો-૪જ ઓફ ધ મેચ: વિરાટ કોહલી, ગ્રીન ડોટ બોલ ઓફ ધ મેચ: ભુવનેશ્વર કુમાર,

## વોશિંગ્ટન સુંદરના કેચ પર વિવાદ, અમ્પયાર સાથે આરસીબી કેપ્ટનની રકઝક



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : આઈપીએલ ૨૦૨૬માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં એક મોટો વિવાદ સામે આવ્યો છે. મેચ દરમિયાન ગુજરાત ટાઈટન્સના ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરના એક વિવાદાસ્પદ 'નોટ આઉટ' નિર્ણયે મેદાન પર અને સોશિયલ મીડિયા પર ભારે ગરમાવો લાવી દીધો છે. આરસીબીના બોલર જેકબ ડફી અને ફિલ્ડર રજત પાટીદાર સહિત આખી ટીમ અમ્પાયરના આ આશ્ચર્યજનક નિર્ણયથી સ્તબ્ધ થઈ ગઈ હતી. આઈપીએલ ૨૦૨૬ની ફાઈનલમાં વોશિંગ્ટન સુંદરના કેચ પર વિવાદ થતા અમ્પયાર સાથે આરસીબી કેપ્ટનની રકઝક જોવા મળી હતી.

## ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીનો ઈતિહાસ, ઓરેન્જ કેપ જીતનારો સૌથી યુવા બેટર



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : ૧૫ વર્ષીય યુવા ભારતીય બેટર વૈભવ સૂર્યવંશી આઈપીએલના ઈતિહાસમાં ઓરેન્જ કેપ જીતનારો સૌથી યુવા બેટર બની ગયો છે, ત્યારે વૈભવે ૧૬ મેચોમાં ૪૮.૫૦ની એવરેજ સાથે ૭૭૬ રન બનાવ્યા છે. સૌથી વધારે રનના મામલે બીજા ક્રમે શુભમન ગિલ ૭૩૨ અને સાઈ સુદર્શન ૭૨૨ ત્રીજા ક્રમે રહ્યા હતા. વૈભવે પ્લેઓફની મેચોમાં પણ શાનદાર બેટિંગ કરતાં પોતાની ટીમ માટે ૯૬ અને ૯૭ રન બનાવ્યા હતા. આટલું જ નહીં આ ટુર્નામેન્ટમાં સૌથી જબરદસ્ત મુદ્દો તેનો સ્ટ્રાઈક રેટ રહ્યો છે. આ સિઝનમાં તેણે સૌથી વધુ ૨૩૭.૩૧ના સ્ટ્રાઈક રેટથી ફટકાબાજી કરી હતી. આઈપીએલ ૨૦૨૬માં સૌથી વધુ ૭૨ છગ્ગા વૈભવે ફટકાર્યા છે. જેમાં બીજા ક્રમે રહેલા અભિષેક શર્માએ ૪૩ છગ્ગા ફટકાર્યા હતા! જે દર્શાવે છે કે સિક્સ ફટકારવાના મામલે વૈભવની આસપાસ પણ કોઈ નથી! વૈભવે આ વર્ષે ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યરનો ઍવોર્ડ જીતવા માટે પણ તે પ્રબળ દાવેદારી નોંધાવી હતી.

## 'આ ટ્રોફી એમના માટે...', આરસીબી કેપ્ટન પાટીદારે આઈપીએલ ચેમ્પિયન બન્યા બાદ કોને સમર્પિત કર્યો ખિતાબ?



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : ટાઈટલ મેચ જીત્યા બાદ યોજાયેલી સત્તાવાર પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જ્યારે કેપ્ટન રજત પાટીદારને આ મોટી જીત અંગે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે ભાવુક થઈને જણાવ્યું હતું કે, 'અમે આ ટ્રોફી અમારા માત્ર ચાહકોને જ નહીં, પરંતુ ગયા સિઝનમાં બેંગલુરુ નાસભાગ (દુર્ઘટના)માં જીવ ગુમાવનારા નિર્દોષ બાળકોના પરિવારના સભ્યોને સમર્પિત કરીએ છીએ.' કેપ્ટનના આ નિર્ણયે સ્ટેડિયમમાં હાજર હજારો પ્રશંસકોના દિલ જીતી લીધા હતા. કેપ્ટન રજત પાટીદારે પોતાની કેપ્ટનશીપની સફળતાનો શ્રેય ટીમના સિનિયર ખેલાડીઓને આપતા જણાવ્યું હતું કે, 'મેદાન પર અને વ્યૂહરચના ઘડવામાં મને પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી અને દિનેશ કાર્તિક તરફથી ઘણી મદદ અને અવનવા વિચારો મળ્યા છે. વિરાટ ભાઈની ટીમમાં હાજરી જ યુવાનો માટે મોટો આત્મવિશ્વાસ છે. જ્યારે પણ ટીમનો કોઈ યુવા ખેલાડી દબાણની સ્થિતિમાં નર્વસ (ગભરાટ) અનુભવે છે, ત્યારે તે સીધો વિરાટ કોહલી પાસે માર્ગદર્શન મેળવવા પહોંચી જાય છે.'

## કિંગ કોહલીનો મોટો ધમાકો: તૂટ્યો ૮ વર્ષ જૂનો રેકોર્ડ!


(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : આઈપીએલ ૨૦૨૬ માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ માટે સતત રનનો વરસાદ કરી રહેલા રનમશીન વિરાટ કોહલીએ ફાઈનલ મેચમાં પણ પોતાનો કિંગ અવતાર જાળવી રાખ્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઈટન્સ સામે રમાઈ રહેલી મહામુકાબલાની ફાઈનલમાં કોહલીએ માત્ર ૨૫ બોલમાં તોફાની અડધી સદી ફટકારી દીધી છે. ૧૫૬ રનના ટાર્ગેટનો પીછો કરતા વિરાટે એક શાનદાર ચોગ્ગો ફટકારીને આ સિદ્ધિ મેળવી હતી, અને ૮ વર્ષ જૂનો પોતાનો જ રેકોર્ડ ધ્વસ્ત કરી નાખ્યો હતો. વિરાટે આ મેચમાં ૨૫ બોલમાં અડધી સદી કરીને ૨૦૧૮ના પોતાના ૨૬ બોલના રેકોર્ડને તોડી નાખ્યો છે. વિરાટ કોહલી આ ઈનિંગ સાથે જ આઈપીએલ ફાઈનલ મેચોમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારવાના મામલે રોહિત શર્મા અને ક્રિસ ગેલની બરાબરી પર આવી ગયો છે.

## વિરાટે વિનિંગ છગ્ગો મારતા પત્નિ અનુષ્કા શર્મા ખુશીથી ઝૂમી ઉઠી, કોહલીએ આપી ફ્લાઈંગ કિસ



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : આરસીબીની જીતની ક્ષણ પર ચાહકોમાં ખુશીની લહેર છવાઈ છે. વિરાટ કોહલીએ છગ્ગો મારીને પોતાની ટીમને જીત અપાવતા આખી ટીમ મેદાનમાં આવી ક્રિકેટરને ભેટી પડી હતી. આ દરમિયાન અનુષ્કા ખુશીથી ઝૂમી ઉઠી હતી તેની આસપાસ મિત્રોને ગળે લગાવતી જોવા મળી હતી. જીત બાદ વિરાટે પણ અનુષ્કા તરફ જોયું અને તેને ફ્લાઈંગ કિસ આપી હતી.

## સિલેક્શન મારા હાથમાં નથી, પણ મહેનત છે... શુભમન ગિલનો જવાબ



(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ માં પોતાની બેટિંગથી લાખો ચાહકોના દિલ જીતનાર અને ગુજરાત ટાઈટન્સને ફાઈનલ સુધી પહોંચાડનાર શુભમન ગિલ હાલમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. પોતાની કેપ્ટનશીપ અને આક્રમક બેટિંગથી સૌને પ્રભાવિત કરનાર ગિલના મનમાં એક ટીસ છે ટીમ ઈન્ડિયાની ટી૨૦ ટીમમાં સ્થાન મેળવવાની. આઈપીએલ ૨૦૨૬ની ફાઈનલ પહેલા યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં જ્યારે શુભમન ગિલને ભારતીય ટી૨૦ ટીમમાં વાપસી વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે જવાબ આપ્યો કે, જો મને ટી૨૦ ટીમમાં પસંદ કરવામાં આવે તો મને ખુશી થશે. હું મારા દરેક ફોર્મેટમાં સુધારો કરવા માટે સતત મહેનત કરી રહ્યો છું, પછી તે ટી૨૦ હોય, વનડે હોય કે ટેસ્ટ. ટીમ ઈન્ડિયાનું વર્તમાન ટી૨૦ માળખું ખૂબ જ સ્પર્ધાત્મક બની ગયું છે. સંજૂ સેમસનનું સાતત્યપૂર્ણ પ્રદર્શન, અભિષેક શર્માની વિસ્ફોટક શરૂઆત, ઈશાન કિશનની વાપસી અને ખાસ કરીને ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશી જેવી યુવા પ્રતિભાઓએ ટીમમાં સ્થાન મેળવવાની રેસને અત્યંત રોમાંચક બનાવી દીધી છે. ડિસેમ્બર ૨૦૨૫માં દક્ષિણ આફ્રિકા સામેની સીરિઝમાં મળેલા મોકાનો તે લાભ ઉઠાવી શક્યો નહોતો, જેના કારણે તેને ટી૨૦ વર્લ્ડ કપથી બહાર રહેવું પડ્યું હતું. હવે બધો જ નિર્ણય બીસીસીઆઈ અને પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત આગરકરના હાથમાં છે. ગિલે અત્યાર સુધી ૩૬ ટી૨૦ મેચોમાં ૮૬૯ રન બનાવ્યા છે. તેના આંકડા કદાચ અત્યારે સામાન્ય લાગે, પરંતુ આઈપીએલ ૨૦૨૬ માં તેણે જે રીતે કેપ્ટન તરીકે દબાણ સંભાળ્યું છે, તે તેની પરિપક્વતા દર્શાવે છે. શું આ પ્રદર્શન તેને ફરી એકવાર ભારતીય ટી૨૦ ટીમમાં સ્થાન અપાવશે? આ સવાલનો જવાબ તો સમય જ આપશે.

## આઈપીએલ ૨૦૨૬ની ફાઇનલ પછી ગુજરાત ટાઇટન્સની બસમાં લાગી આગ, ખેલાડીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ગુજરાત ટાઈટન્સની બસમાં આગ લાગવાની ઘટના સામે આવી છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે બસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી, જોકે કોઈ મોટું નુકસાન થયું નથી કારણ કે બધા ખેલાડીઓને સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યા હતા. રવિવારે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ટીમ બસ હોટલ પરત ફરી રહી હતી ત્યારે શોર્ટ સર્કિટ થયું હતું. આગને કારણે ખેલાડીઓ લગભગ એક કલાક સુધી ફસાયેલા રહ્યા



હતા. ત્યારબાદ ખેલાડીઓ માટે બીજી બસની વ્યવસ્થા કરવામાં આવી હતી.ગુજરાત ટાઈટન્સને અમદાવાદની આ ફાઈનલ ખુબ યાદ રહેશે કારણ કે, પહેલા તો તે આઈપીએલ ફાઈનલ રમવા માટે અમદાવાદ મોડી પહોચી હતી. કારણ કે, તેની ફ્લાઈટ ચંદીગઢમાં તોફાનના કારણે ફસાય હતી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, આઈપીએલ ફાઈનલમાં આરસીબી સામે આ હારનું એક કારણ ટીમના ખેલાડીઓનો થાક પણ છે. ક્રિકેટ ડાયરેક્ટર વિક્રમ સોલંકીએ મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, અમે એવું કહી વાત પુરી કરવા નથી માંગતા કે, આરસીબી જીતી ગઈ. અમે ઓછા દિવસમાં વધારે મેચ રમી હતી. અમે થાકી ગયા હતા. અમે પણ ટ્રોફી જીતવા માંગતા હતા. તમને જણાવી દઈએ કે, ગુજરાત ટાઈટન્સની પાસે આરસીબી વિરુદ્ધ પોતાના હોમ ગ્રાઉન્ડમાં બીજી વખત ચેમ્પિયન બનવાની તક હતી પરંતુ તે ચૂકી ગઈ હતી.

## માધુરીએ ઐશ્વર્યાનો બચાવ કર્યો, બોડી શેમિંગ- ટ્રોલિંગને વખોડયા

(એજન્સી દ્વારા) નવી દિલ્હી: અભિનેત્રી માધુરી દીક્ષિતે પોતાની દેવદાસની સહ-કલાકાર ઐશ્વર્યા રાય બચ્ચનનું સમર્થન કરતા કહ્યું કે તેને તેના બાહ્ય દેખાવ અથવા વયના આધારે ન આંકવી જોઈએ. કાન ફિલ્મ ફેસ્ટીવલ ૨૦૨૬માં રેડ કારપેટ પર ઉપસ્થિતિ પછી ઐશ્વર્યાએ સોશિયલ મીડિયા પર બોડી-શેમિંગ અને ટ્રોલિંગનો સામનો કરવો પડી રહ્યો છે. માધુરીએ કહ્યું કે ઐશ્વર્યાએ છેલ્લા બે દાયકા દરમ્યાન વૈશ્વિક મંચો પર સતત ભારતનું ગૌરવ વધાર્યું છે અને તેની ઓળખ માત્ર બાહ્ય દેખાવથી ન કરવી જોઈએ. માધુરીએ જણાવ્યું કે ઐશ્વર્યા એક વૈશ્વિક સ્ટાર છે જેણે મિસ વર્લ્ડ બનવાથી લઈને



આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતનું પ્રતિનિધિત્વ કરવા સુધી અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. માધુરીના મતે કોઈપણ વ્યક્તિનું મૂલ્ય તેના શરીરના આકાર, રંગ અથવા વયના આધારે નહિ પણ તેના યોગદાન અને વ્યક્તિત્વના આધારે થવું જોઈએ. તેણે ચેતવણી આપી કે આવી ટિપ્પણીઓ યુવાઓ વચ્ચે ખોટો સંદેશ પહોંચાડશે અને તેઓ સફળતા કરતા બાહ્ય દેખાવને વધુ મહત્વ આપશે. તાજેતરમાં જ અનન્યા પાંડે પણ પોતાની ફિલ્મ ચાંદ મેરા દિલના એક નૃત્યના દ્રશ્ય બાબતે મીડિયા આલોચનાનો શિકાર બની હતી. અભિનેત્રી તૃપ્તિ ડિમરીએ પણ માધુરીના મંતવ્યોનું સમર્થન કરતા કહ્યું કે ઘેર બેસી ટિપ્પણી કરવી આસાન છે, પણ કલાકારોની મહેનત અને સંઘર્ષ સમજવા જરૂરી છે. તેણે કબૂલ કર્યું કે કામ સંબંધિત આલોચના સ્વીકાર્ય છે, પણ વ્યક્તિગત ટિપ્પણી પરેશાન કરે છે.

## ઈન્ડિયા એ ટીમમાં અચાનક ઋતુરાજ ગાયકવાડની એન્ટ્રી, રિયાન પરાગ બહાર



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આઈપીએલ સમાપ્ત થયા પછી ઘણા યુવા ખેલાડીઓ ઈન્ડિયા એ ટીમ સાથે ત્રિકોણીય શ્રેણી માટે શ્રીલંકા જશે. આ ટીમમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ઋતુરાજ ગાયકવાડને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, જ્યારે વાઈસ કેપ્ટન રિયાન પરાગ શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. રિયાન પરાગને આઈપીએલ ૨૦૨૬ દરમિયાન ઈજા થઈ હતી. ઈજા છતાં તે રાજસ્થાન રોયલ્સ માટે એલિમિનેટર અને ક્વોલિફાયર ૨ માં રમ્યો હતો, અને હવે તે ઈન્ડિયા એ ટીમમાંથી બહાર થઈ ગયો છે. જોકે, આનાથી ઋતુરાજ ગાયકવાડને ફાયદો થયો છે. તેનો રિયાન પરાગની જગ્યાએ ઈન્ડિયા એ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઋતુરાજ ગાયકવાડને ઈન્ડિયા એ ટીમમાં તક મળવી એ ખરેખર તેના માટે ગિફ્ટ કે આશીર્વાદ સમાન છે. આ ખેલાડી આઈપીએલ ૨૦૨૬ માં ખરાબ ફોર્મમાં હતો અને ટુર્નામેન્ટ દરમિયાન ઈન્ડિયા એ ટીમની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં ઋતુરાજ ગાયકવાડનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. જોકે, રિયાન પરાગની ઈજાને કારણે હવે તેની પસંદગી કરવામાં આવી છે. ઋતુરાજ ગાયકવાડને ટીમના વાઈસ કેપ્ટન તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યો છે.

# કચ્છના બેન્ટોનાઈટ ઉદ્યોગને નવી ઊંચાઈએ લઈ જવામાં વિપુલભાઈ ભાનુશાલીનું મહત્વનું યોગદાન

## ઉદ્યોગની સમસ્યાઓના સુખદ નિરાકરણ સાથે ઉદ્યોગકારોમાં એકતા મજબૂત કરવા સક્ષમ નેતૃત્વ સાથે કર્યા સફળ પ્રયાસ

ભુજ - કચ્છઉદય : કચ્છના અર્થતંત્રમાં મહત્વનું સ્થાન ધરાવતા બેન્ટોનાઈટ ઉદ્યોગમાં છેલ્લા ચાર વર્ષમાં આમૂલ પરિવર્તન જોવા મળ્યું છે. કચ્છ બેન્ટોનાઈટ એસોસિએશનના પ્રમુખ તરીકે અબડાસાના વિપુલભાઈ ભાનુશાલીએ સંભાળેલી ધુરા બાદ આ ઉદ્યોગને અનેક ઐતિહાસિક સફળતાઓ મળી છે. તેમની આગવી સૂઝબૂઝ અને કપરા સમયમાં ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતાને કારણે આજે સમગ્ર કચ્છના ઉદ્યોગકારો સુરક્ષિત અને પ્રોત્સાહિત અનુભવી રહ્યા છે.


વિપુલભાઈ ભાનુશાલી

વિપુલભાઈના કાર્યકાળ દરમિયાન બેન્ટોનાઈટ ઉદ્યોગને અનેક પડકારોનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ દરેક તબક્કે તેમણે ઉદ્યોગકારોની ઢાલ બનીને કામ કર્યું છે. તાજેતરમાં જ્યારે પીજીવીસીએલ દ્વારા આશરે ૩૫ થી ૪૦ જેટલી કંપનીઓને હાઈ ટેન્શન કનેક્શન લેવા માટે ફરજ પાડી નોટિસો ફટકારવામાં આવી હતી, ત્યારે સર્જાયેલી ગંભીર સ્થિતિ સામે વિપુલભાઈએ ગાંધીનગર ખાતે ઉચ્ચ સ્તરે સીધી રજૂઆત કરી હતી. તેમના મક્કમ વલણને કારણે ઉદ્યોગકારોને મોટી રાહત મળી અને ઉદ્યોગ પર તોળાઈ રહેલું આર્થિક સંકટ ટળી ગયું હતું.

ઉપરાંત, ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રે જીપીએસ સિસ્ટમના અમલીકરણને કારણે કચ્છમાં ટ્રકો થંભી જતાં માલવાહક વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. આ સમસ્યાના કારણે ઉદ્યોગને સીધી અસર થઈ રહી હતી. આવી વિકટ સ્થિતિમાં વિપુલભાઈએ ફરી એકવાર ગાંધીનગર દોડી જઈને અધિકારીઓ સમક્ષ સચોટ દલીલો કરી હતી. તેમની સમયસૂચકતાને કારણે રાજ્ય સરકારે સિસ્ટમમાં તાત્કાલિક સુધારો કર્યો અને જીપીએસ સિસ્ટમ બંધ કરવાનો આદેશ આપતા ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા પુનઃ ધમધમતી થઈ હતી.

ઉદ્યોગના આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને વિપુલભાઈએ પાવર ટેરિફના મુદ્દે પણ મક્કમ રજૂઆત કરી હતી. થોડા સમય પૂર્વે જિલ્લા કલેક્ટરના નેજા હેઠળ યોજાયેલા ઓપન સવાદ કાર્યક્રમમાં તેમણે પીજીવીસીએલ દ્વારા લેવાતા ફ્યુઅલ કોસ્ટિંગ (ઈંધણ ખર્ચ) સામે પ્રશ્ન ઉઠાવ્યો હતો. કચ્છમાં ગ્રીન એનર્જીનું મોટા પાયે ઉત્પાદન થતું હોવા છતાં વધારાનો ઈંધણ ખર્ચ ઉદ્યોગો પર કેમ લાદવામાં આવે છે, તે અંગે તેમણે તાર્કિક દલીલો રજૂ કરી હતી. આ રજૂઆતને ગંભીરતાથી લઈને કલેક્ટરશ્રીએ ત્વરિત નિર્ણય લીધો અને ફ્યુઅલ કોસ્ટિંગમાં જરૂરી ફેરફાર કર્યો હતો. આ નિર્ણયથી ઉદ્યોગોને દર મહિને લાખો રૂપિયાની સીધી બચત થઈ છે, જે બેન્ટોનાઈટ પ્લાન્ટ માલિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

સાથે જ, બેન્ટોનાઈટના પરિવહનમાં નડતી વહીવટી મુશ્કેલીઓને દૂર કરવામાં પણ તેમણે નોંધપાત્ર કામગીરી કરી છે. અગાઉ એક રજિસ્ટર્ડ પ્લોટથી બીજા પ્લોટ પર બેન્ટોનાઈટના પરિવહનનો સ્ટોક ઓનલાઈન ચઢાવવાને બદલે ઓફલાઈન પદ્ધતિ અમલમાં હતી, જેના કારણે લાખો ટન બેન્ટોનાઈટનો જથ્થો અટવાઈ પડ્યો હતો અને ઉદ્યોગકારોની મૂડી બ્લોક થઈ ગઈ હતી. આ સમસ્યાના ઉકેલ માટે વિપુલભાઈએ ખાણ ખનીજ કમિશનર સમક્ષ સઘન રજૂઆતો કરી હતી. તેમના પ્રયાસોના પરિણામે સ્ટોક-ટુ-સ્ટોક ટ્રાન્સફર પ્રક્રિયાને ઓનલાઈન પદ્ધતિમાં સમાવી લેવામાં આવી હતી, જેનાથી અટવાયેલો લાખો ટન જથ્થો તુરંત મુક્ત થયો અને ઉદ્યોગકારોના નાણાકીય વ્યવહારો ફરીથી સરળ બન્યા છે.''ઉદ્યોગમાં સર્જાયેલી ડીઝલની તંગી પણ એક મોટો પડકાર હતો. જો સમયસર આ સમસ્યાનું નિરાકરણ ન આવ્યું હોત, તો આગામી પાંચ મહિના સુધી પ્લાન્ટ બંધ રાખવાની નોબત આવે તેવી ગંભીર સ્થિતિ હતી. આ સમયે પણ વિપુલભાઈએ જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત કરી બેન્ટોનાઈટ ઉદ્યોગ માટે વિશેષ ઈન્ડસ્ટ્રીયલ ડીઝલની વ્યવસ્થા કરાવી પ્લાન્ટમાં પડેલા લાખો ટન તૈયાર જથ્થાને બજાર સુધી પહોંચાડવાનું સુનિશ્ચિત કર્યું હતું. માત્ર વ્યવસાયિક પડકારો જ નહીં, પણ ઉદ્યોગકારોના હિતોના રક્ષણ માટે પણ તેમણે કમર કસી છે. પોતાના કાર્યકાળ દરમિયાન સભ્યોના ફસાયેલા કરોડો રૂપિયાની રિકવરી કરાવવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી છે. આ બધાની સાથે, તમામ પ્લાન્ટ માલિકોને એક મંચ પર લાવીને તેમણે જે સંગઠનાત્મક શક્તિ ઊભી કરી છે, તે બેન્ટોનાઈટ એસોસિએશનના ઈતિહાસમાં અભૂતપૂર્વ છે. તેમની વહીવટી કુશળતા અને સમર્પણને કારણે આજે કચ્છનો બેન્ટોનાઈટ ઉદ્યોગ વિકાસના નવા શિખરો સર કરવા માટે સજ્જ બન્યો છે.

# મહીસાગરમાં કામના બોજ અને અધિકારીઓના ત્રાસથી આંગણવાડી કાર્યકરનું મોત








ભુજ - કચ્છઉદય : મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં ફરજ બજાવતા આંગણવાડી કાર્યકર મનીષાબેન પરમારનું અધિકારીઓના માનસિક ત્રાસ અને અસહ્ય કામના બોજને કારણે કરુણ અવસાન થતા સમગ્ર ગુજરાતના આંગણવાડી કર્મચારીઓમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. આ ઘટના અંગે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન અને સીટુ દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદીમાં ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે કે, સ્થાનિક પ્રોગ્રામ ઓફિસર, સીડીપીઓ અને સુપરવાઈઝર દ્વારા સતત અપમાનિત કરવામાં આવતા આ કાર્યકરનું મોત નીપજ્યું છે.

ઘટનાની વિગત મુજબ, ગત બીજી મેના રોજ આંગણવાડી કાર્યકર મનીષાબેન જ્યારે ટેટની પરીક્ષા માટે રજા પર હતા, ત્યારે અધિકારીઓ દ્વારા તેમને ફરજિયાત કેન્દ્ર પર બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ઓફિસો દ્વારા તેમના વિડીયો વાયરલ કરીને જાહેરમાં અપમાનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સરકારી મોબાઈલ ખોવાઈ જવાના મામલે અધિકારીઓ દ્વારા ૪૦ હજાર રૂપિયા જમા કરાવવા દબાણ કરવામાં આવ્યું હતું અને કોઈ પણ પ્રકારની નોટિસ કે ખુલાસો માંગ્યા વગર સીધો જ તેમના પગારમાં ૭૫ ટકા જેટલો અધધ કાપ મૂકવામાં આવ્યો હતો. આ સતત માનસિક ટોર્ચરિંગ અને આર્થિક ભીંસના કારણે તેઓ ગંભીર બીમાર પડ્યા હતા અને અંતે ૨૪ મેના રોજ અમદાવાદની હોસ્પિટલમાં તેમનું અવસાન થયું હતું.

આ ગંભીર મામલે એક ફેક્ટ ફાઈન્ડિંગ ટીમે લુણાવાડા ખાતે રૂબરૂ મુલાકાત લઈ તપાસ કરી હતી. સંગઠનોનું કહેવું છે કે, આંગણવાડી કાર્યકરો અતિ મહત્વની રાષ્ટ્રીય ફરજ બજાવે છે, તેમ છતાં અધિકારીઓનું વર્તન અત્યંત માનવતાવિહોણું અને બંધારણ વિરુદ્ધનું રહ્યું છે. અગાઉ પણ મુખ્યમંત્રી અને સંબંધિત મંત્રીઓ સમક્ષ ફરિયાદ કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા આ ઘટના ઘટી છે.

આ દુઃખદ ઘટનાના પગલે આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા સરકાર સમક્ષ મનીષાબેનના પરિવારને ૨૦ લાખ રૂપિયાનું વળતર આપવા અને તેમના પરિવારના એક સભ્યને નોકરી આપવાની માંગ કરવામાં આવી છે. આ સાથે જ, જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની પણ માંગણી કરાઈ છે. સંગઠનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી આઠ દિવસમાં આ માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો સમગ્ર ગુજરાતમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે. ઉપરાંત, આંગણવાડી કાર્યકરોએ વસ્તી ગણતરીની કામગીરીનો બહિષ્કાર કરવાનો પણ નિર્ણય લીધો છે.

# મોડેલ સ્કૂલ માધાપરના આચાર્ય વિજયકુમાર કાલરીયાનું 'વી ટીવી ન્યુઝ દ્રોણા એવોર્ડ ૨૦૨૬'થી સન્માન

માધાપર - કચ્છઉદય : શિક્ષણ જગતમાં પોતાની ઉત્કૃષ્ટ કામગીરી અને અવિરત યોગદાન બદલ અવારનવાર સન્માનિત થતી સરકારી મોડેલ સ્કૂલ માધાપરના નામે વધુ એક સુવર્ણ પીંછું ઉમેરાયું છે. તાજેતરમાં પ્રતિષ્ઠિત ન્યૂઝ ચેનલ વી ટીવી ન્યુઝ દ્વારા આયોજિત દ્રોણા એવોર્ડ ૨૦૨૬ અંતર્ગત શિક્ષણના શિલ્પીઓનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ ગૌરવશાળી સમારોહમાં મોડેલ સ્કૂલ માધાપરના કર્મનિષ્ઠ આચાર્યને શિક્ષણ ક્ષેત્રે કરેલા અભૂતપૂર્વ કાર્યો અને શાળાના સર્વાંગીવિકાસ માટે પ્રતિષ્ઠિત 'દ્રોણા એવોર્ડ ૨૦૨૬' એનાયત કરવામાં આવ્યો છે.

આ એવોર્ડ સમારંભના મુખ્ય અતિથિ વિશેષ અને ગુજરાતના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા અને અમદાવાદ શહેરના મેયર હિતેશભાઈ બારોટના હસ્તે આચાર્ય વિજયકુમાર કાલરીયાને એવોર્ડ અને પ્રશસ્તિપત્ર આપીને મંચ પર વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સફળતા અને સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ હર્ષની લાગણી વ્યક્ત કરતા આચાર્ય વિજયકુમાર કાલરીયાએ જણાવ્યું હતું કે, આ એવોર્ડ માત્ર મારો નથી, પરંતુ સમગ્ર શાળા પરિવાર અને વિદ્યાર્થીઓની મહેનતનું પરિણામ છે. તેમણે જણાવ્યું હતું કે, સૌના સહિયારા પ્રયાસોથી જ વિદ્યાર્થીઓને ગુણવત્તા યુક્ત સર્વાંગી શિક્ષણ આપી શકાય છે અને શાળાને પ્રગતિના પંથે લઈ જઈ શકાય છે. તેમણે શાળાના અને વિદ્યાર્થીઓના વિકાસ માટે જિલ્લાની શિક્ષણ કચેરી દ્વારા અપાતા માર્ગદર્શન અને સહયોગની પ્રશંસા કરતા જિલ્લા શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમાર અને સમગ્ર કચેરીનો આભાર માન્યો હતો અને આ સરકારી શાળા હજુ વધુને વધુ વિદ્યાર્થીઓના




સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ રહેશે તેવી ખાતરી આપી હતી. આ ગૌરવશાળી સિદ્ધિ બદલ શિક્ષણ વિભાગના અધિકારીઓ, શાળાના શિક્ષકો, વાલી મંડળ તેમજ સ્નેહીજનો તરફથી આચાર્ય વિજયકુમાર કાલરીયા પર શુભેચ્છાઓનો અવિરત વરસાદ થઈ રહ્યો છે.

# ૧૦ લાખ શ્રદ્ધાળુ કેદારનાથ પહોંચ્યા ભારે વરસાદને પગલે યાત્રા અટકાવાઇ

(એજન્સી દ્વારા)

કેદારનાથ: ચાર ધામ યાત્રા શરૂ થયાના ૪૦ દિવસમાં ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામ દર્શન કરવા પહોંચ્યા હતા. હાલમાં પણ જોશીમઠ પર ૨૦ કિમી લાંબી લાઇન લાગી છે. આ પરિસ્થિતિ વચ્ચે હવે ભારે વરસાદ પડી રહ્યો છે જેને પગલે હાલ પુરતા ચાર ધામ યાત્રાને અટકાવવી પડી હતી. જ્યારે દેશમાં અન્ય રાજ્યોમાં પણ વાતાવરણમાં મોટો પલટો જોવા મળી રહ્યો છે.

કાળજાળ ગરમીનો સામનો કરી રહેલા કેટલાક રાજ્યોમાં વરસાદ પડતા લોકોને ભારે રાહત થઇ છે, રાજધાની દિલ્હીમાં વરસાદ પડયો હતો, હવામાન વિભાગે ભારે પવન સાથે ઉત્તરપશ્ચિમ અને મધ્ય વિસ્તારમાં વરસાદની આગાહી કરી છે. જ્યારે ધર્મ નગરી ગણાતા ઉત્તરાખંડમાં ભારેથી અતી ભારે વરસાદને કારણે કેદારનાથ યાત્રાને અટકાવવી પડી હતી. જેને પગલે હજારો યાત્રાળુઓ ફસાયા હતા. અહીંના ચંપાવતમાં નદીમાં આશરે ૫૦ જેટલા શ્રદ્ધાળુઓ ફસાયા હતા જેમને રેસ્ક્યૂ કરીને બચાવી લેવાયા છે. ભારે વરસાદ વચ્ચે હવે ઉંચાઇવાળા વિસ્તારોમાં હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે.

બીજી તરફ રાજસ્થાનમાં ધૂળની આંધીએ લોકોને ભારે હાલાકીમાં મુકાયા હતા, જેને કારણે તાપમાનમાં સામાન્ય ઘટાડો થયો હતો. આકાશમાં ધૂળની ડમરીઓ અને ગાઢ વાદળા જોવા મળ્યા હતા. કેટલાક વિસ્તારોમાં સામાન્યથી હળવો વરસાદ પણ પડયો હતો. જોકે તેમ છતા ફાલોદી વિસ્તારમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચ્યું હતું. હિમાચલ પ્રદેશમાં અનેક વિસ્તારોમાં સામાન્યથી હળવો વરસાદ પડયો હતો. ઉત્તરાખંડમાં રુદ્રપ્રયાગના પોલીસ વડા નિહારિકા તોમરે કહ્યું હતું કે અત્યાર સુધીમાં ૧૦ લાખ શ્રદ્ધાળુઓએ બાબા કેદારનાથના દર્શન કર્યા છે. જ્યારે ૭.૨૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ બદરીનાથ ધામ પહોંચી ચુક્યા છે.

સતત વરસાદ અને ઉંચાઇવાળા વિસ્તારમાં હિમવર્ષા છતા શ્રદ્ધાળુઓ અડીખમ જોવા મળી રહ્યા છે. જોકે ભારે ધસારાને પગલે જોશીમઠ અને આસપાસના વિસ્તારોમાં ૨૦થી ૨૫ કિમી સુધી લાંબી લાઇનો લાગી છે. અનેક શ્રદ્ધાળુઓ કલાકો સુધી પોતાના વાહનોમાં ફસાયેલા પણ જોવા મળ્યા હતા.

# આજથી ગુજરાતભરમાં વસ્તી ગણતરીના પ્રથમ તબક્કોનો પ્રારંભ

**જનગણનાથી જન કલ્યાણના મંત્ર સાથે દેશમાં પ્રથમવાર સંપૂર્ણ ડિજિટલ માધ્યમથી થશે વસ્તી ગણતરી**

ગાંધીનગર - કચ્છઉદય : રાજ્યમાં આજે ૧ જૂનથી ૩૦ જૂન દરમિયાન ઘરયાદી અને મકાનોની ગણતરી હાથ ધરવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં ૯ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ દરમિયાન વસ્તીની ગણતરી અને જાતિ ગણતરી હાથ ધરવામાં આવશે. અત્યાર સુધીમાં રાજ્યપાલ, મુખ્યમંત્રી સહિત અંદાજે ૩.૭૪ લાખથી વધુ મહાનુભાવો, નાગરિકો સ્વ-ગણતરી ઝુંબેશમાં થયા સહભાગી છે. જનગણના અંગે કોઈ પૂછપરછ કરવી હોય, મૂંઝવણ હોય તો ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર ૧૮૫૫ અને અધિકૃત વેબસાઇટનો સંપર્ક કરવા જનગણના કાર્ય નિર્દેશાલય, ગુજરાત દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ભુજમાં સંસ્કૃત પાઠશાળા ખાતે છાત્રોને પ્રમાણપત્ર અપાયા




ભુજ-કચ્છઉદય : કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે સંસ્કૃત પાઠ શાળા ખાતે કાવ્ય લેખન સ્પર્ધા યોજાયેલ હતી. જેમાં દિલીપ આચાર્યના પ્રમુખના ભાગ લેનાર વિધાર્થીઓને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવેલ હતા. આ પ્રસંગે આશાબેન, ચંદુલાલ ગોર હાજર રહ્યા હતા. જે પ્રમાણપત્ર તેમના હસ્તે વિતરણ કરવામાં આવેલ હતા. કાર્યક્રમનું સંચાલન જ્યોતિબેન ગોહિલએ કરતા હનુમાન ચાલિસાનું વિતરણ કરેલ હતું. જેમાં સંસ્કૃત પાઠશાળાના વ્યવસ્થાપક વિભાકર અંતાણી સાથે જયશ્રીબેન હાથી, વારિસ પટ્ટણી વિગેરે હાજર રહેલ હતા.


# શીતલ પરિવારને મળ્યું નવું જીવન-આશિયાનું

**સેવાભાવના સહકારથી દિવ્યાંગ પરિવારના જીવનમાં પ્રસરી નવી આશા**

ભુજ - કચ્છઉદય : સમાજમાં હજુ પણ માનવતા, સંવેદના અને સેવા ભાવના જીવંત છે તેનું સ્પષ્ટ ઉદાહરણ મીરઝાપર ગામે જોવા મળ્યું છે. અત્યંત કપરા પરિસ્થિતિમાં, બંધિયાર અને અંધારી ઓરડીમાં જીવન વિતાવતી અષ્ટાંગ દિવ્યાંગ દીકરી શીતલ અને તેના પરિવાર માટે હવે પ્રકાશ, હવા અને સુવિધાથી ભરેલું નવું ઘર તૈયાર થતાં સમગ્ર વિસ્તારમાં આનંદની લાગણી પ્રસરી છે.

ભુજની 'માનવ જ્યોત' સંસ્થાના સેવાભાવી કાર્યકર કનૈયાલાલભાઈ અબોટી અને જગદીશચંદ્ર છાયાએ જ્યારે શીતલના નિવાસસ્થાને મુલાકાત લીધી ત્યારે તેની દયનીય સ્થિતિ જોઈ તેઓ ભાવવિભોર બની ગયા હતા. ત્યારબાદ આ બાબત ગામના રાઘવ મંદિરના પૂજારી હરસુખભાઈ સુથાર સુધી પહોંચતા તેમણે પરિવારની મદદ માટે તાત્કાલિક આગળ આવીને

તસવીરમાં એનું જૂનું ઘર, એમાં દિવ્યાંગ બાળા અને પાસે જ નવું ઘર દ્રશ્યમાન છે.





પહેલ કરી હતી.

સમાજના અનેક દાતાઓ અને સેવાભાવી લોકોએ એકજૂથ થઈને શીતલ પરિવાર માટે નવું રહેઠાણ બનાવવાનું કાર્ય હાથ ધર્યું હતું. માત્ર ઘરનું નિર્માણ જ નહીં, પરંતુ જરૂરી ઘરવખરી, ફ્રિજ, પંખા સહિતની આવશ્યક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. સાથે જ પરંપરાગત વિધિ મુજબ હવન અને વાસ્તુવિધિ પણ સંપન્ન કરવામાં આવી હતી. નવા ઘરની ચાવી પરિવારને સોંપવામાં આવતા ઉપસ્થિત સૌ લોકો ભાવુક બની ગયા હતા. શીતલ સ્વયં અચેત અવસ્થામાં હોવા છતાં તેના પરિવારને મળેલી આ મદદે તેમના જીવનમાં નવી આશા અને આત્મબળ પૂરું પાડ્યું છે. શીતલના પિતા અને ભાઈ પણ દિવ્યાંગ હોવાથી પરિવાર લાંબા સમયથી અત્યંત મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહ્યો હતો. આવા સમયે સમાજ દ્વારા દર્શાવાયેલ સહકાર અને માનવતા ખરેખર પ્રેરણાદાયી બની છે. ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું કે આવા નિરાધાર પરિવારોની મદદ કરવી એ જ સાચા અર્થમાં માનવધર્મ અને પ્રભુસેવા સમાન છે.

# એશિયન અંડર ૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ભારતને ૧૦ ગોલ્ડ

(એજન્સી દ્વારા) : ૨૨મી એશિયન અંડર-૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના અંતિમ દિવસે ભારતે વધુ ત્રણ ગોલ્ડ મેડલ જીતીને મેડલ ટેબલમાં બીજું સ્થાન મેળવ્યું. ભારતે ૧૦ ગોલ્ડ, પાંચ સિલ્વર અને ચાર બ્રોન્ઝ સહિત કુલ ૧૯ મેડલ જીત્યા. ચીન ૧૪ ગોલ્ડ, નવ સિલ્વર અને બે બ્રોન્ઝ સાથે મેડલ ટેલીમાં ટોચ પર રહ્યું. ભારતીય મહિલા ૪ટ૪૦૦ મીટર રિલે ટીમે ગોલ્ડ મેડલ જીત્યો અને એક નવો મીટ રેકોર્ડ પણ બનાવ્યો. નીરુ પાઠકના નેતૃત્વમાં, ભારતીય ટીમે ૩ મિનિટ ૩૮.૦૭ સેકન્ડનો સમય કાઢ્યો. ટીમમાં ભૂમિકા સંજય નેહાટે, તહુરા ખાતુન અને સેહનુર બાવા પણ સામેલ હતા. ભારતે પુરુષોની મીટર રિલેમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.

# નખત્રાણા નગરપાલિકા દ્વારા ગટર અને પાણીની લાઈનનું ભંગાણ દૂર કરવા કવાયત



નખત્રાણા - કચ્છઉદય : ગઈકાલે નખત્રાણામાં ગટરની પાણીની તેમજ લીકેજ પાણીની લાઈન લીકેજ થઈ હતી, જેથી રોગચાળો ફાટી નીકળવાની દહેજ પણ લોકોએ વ્યક્ત કરી હતી, જેની જાણ પાલિકાના ઉપપ્રમુખ દમયંતીબેન ડાયાલાલ સેંઘાણી થતાં તેમની ટીમ સાથે મળી નગરપાલિકાના કર્મચારીઓને સાથે લઈ નખત્રાણા મુખ્ય હાઈવેની ગટરની લાઈન બંધ કરાવી હતી. નવા વાસમાં આવતા નળ માટે ગટરના પાણીની સમસ્યા પણ દૂર કરાવી હતી. હોટલ પાર્ક પાસે ગોપાલ ભુવનમાંથી પર્સનલ ગટર લાઈન તથા પાણીની લાઈન લીકેજ હતી, તેમની સામે પણ નોટિસ પાઠવવાની નગરપાલિકા દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મહદ અંશે સમસ્યાનો નિવેડો લાવવા માટે નખત્રાણા નગરપાલિકા દ્વારા ત્વવરીત કાર્યવાહી કરવામાં આવી હતી.

# મુંદરામાં SMCનો દરોડો : આધુનિક હથિયાર કાંડ ઝડપાયું

**બે મેગેઝીન, ૧૪ કારતુસ સહિતનો મુદ્દામાલ પણ મળ્યો : બાડમેરના શખ્સનું નામ ખુલ્યું : દારૂ અને ઓનલાઈન ક્રીકેટ સટ્ટાઓ બાદ હવે કચ્છમાં એસએમસીને હથીયાર પકડવા પણ દોડી આવવુ પડયું : સ્થાનિક ખાખીધારીઓ કેમ ઉંઘતા રહી ગયા?**

ભુજ - કચ્છઉદય : જિલ્લામાં દારૂ અને ઓનલાઈન ક્રિકેટના સટ્ટા પર અગાઉ એસએમસીએ દરોડા પાડયા છે, ત્યારે હવે એસએમસીએ હથિયાર પકડવા માટે દરોડો પાડયો હતો. મુંદરા પોલીસ સ્ટેશનની હદમાં આવતા નાના કપાયા ગામ પાસે અદાણી બાયપાસ રોડ પર કાર્યવાહી કરીને એસએમસીએ બે શખ્સને બે પીસ્તોલ સાથે ઝડપી લીધા હતા.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ એસએમસીના પીઆઈ એસ.એમ.જાડેજાના માર્ગદર્શનમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. બાતમીના આધારે મુંદરાના ઉમિયાનગર પાસે આવેલ સદગુરૂ સ્માર્ટ વીલામાં રહેતા રમેશભાઈ રામભાઈ ગઢવી અને મુંદરામાં પોર્ટ કોલોની પાસે બોયસ હોસ્ટેલમાં રહેતા કિશનભાઈ હરજીભાઈ સલાણીને ઝડપી લીધા હતા. તેઓ પાસેથી ૯ એમએમની બે પીસ્તોલ કિંમત રૂા. બે લાખ ઉપરાંત બે મેગેઝીન, ૧૪ કારતુસ તેમજ ત્રણ મોબાઈલ મળી કુલ્લ રૂા. ૩.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ મુદ્દામાલ રાજસ્થાનના બાડમેરના ધનરાજરામ હનુમાનરામ ચૌધરી પાસેથી મેળવ્યો હોવાની કબુલાત આપવામાં આવી છે. રાજસ્થાનનો શખ્સ ફરાર છે. એસએમસીએ મુંદરા પોલીસમાં હથિયારધારાનો ગુનો દાખલ કરાવ્યો હતો. બન્ને શખ્સોએ કયા ઈરાદે પીસ્તોલ મેળવી હતી. કોઈ ગુનાને અંજામ આપવાના હતા કે શોખ ખાતર લીધી હતી, તે સહિતની દિશામાં એસએમસી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ પશ્ચિમ કચ્છમાં એસએમસીની ઘણી રેડો પડી છે. હાલમાં જોવા જઈએ તો હથિયાર પકડવા માટે ગાંધીનગરથી પોલીસને આવવું પડયું છે. સ્થાનીક મુંદરા પોલીસ અને એસઓજીનો સ્ટાફ કયાંકને કયાંક હથિયારબંધીના કેસો શોધવામાં અંધારામાં રહી ગયો હોય તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે.








## મુંદરામાં અગાઉ શાર્પ શુટર પણ પકડાયા છે : બી રોલ ની કામગીરી કરો સજજડ

મહત્વની બાબત એ છે કે, ઔદ્યોગીક એકમોના કારણે મુંદરા વિસ્તારમાં યુપી, બિહાર, ઝારખંડ, બંગાળ સહિતના વિસ્તારોમાંથી ઘણા લોકો મજુરી માટે આવ્યા છે. આ સિવાય ટ્રાન્સપોર્ટના કારણે પંજાબ, રાજસ્થાન, હરિયાણાના ડ્રાઈવરો પણ અહીં અવરજવર કરતા હોય છે. ભૂતકાળમાં પંજાબી સિંગર સિધુ મુસેવાલાના મર્ડર કેસના શાર્પ શુટર મુંદરાથી પકડાયા હતા. આ સિવાય લોરેન્સ બિશ્નોઈ ગેંગના સાગરીતો પણ મુંદરાથી પકડાઈ ચુકયા છે. ખાસ કરીને ગુનેગારો ગુનાને અંજામ આપીને મુંદરામાં આવીને શ્રમિકના પહેરવેશમાં છુપાઈ જાય છે અને બાદમાં મુંદરા ગુનાખોરીનું હબ બની જાય છે. ગુનાઓ અટકાવવા માટે બારાતુ તત્વોના વેરીફીકેશન અને બીરોલ યોગ્ય રીતે ભરાય તે જરૂરી છે.






**પૂર્વ કચ્છ LCB-અંજાર PI જાડેજાની ટીમનો સપાટો**

## અંજારમાંથી ઓનલાઈન જુગારધામનો પર્દાફાશ : લાખોનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સૂત્રધાર શાહનવાઝ શેખ ઝડપાયો : અનિલ સિંધી સહિત ૧૦ યુઝરનેમ ધરાવતા શખ્સોને પકડવાની તજવીજ તેજ**




અંજાર: અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ દ્વારા કરવામાં આવેલી કામગીરી દરમિયાન જાહેર સ્થળે ઓનલાઈન જુગાર રમાડવાનું કૌભાંડ ઝડપાયું છે. તારીખ ૩૧/૦૫/૨૦૨૬ના રોજ અંજારના કળશ સર્કલ પાસે અંજાર પોલીસે બાતમીના આધારે રેડ કરી હતી. આ દરમિયાન આરોપી શાહનવાઝ સુમારશા શેખ (રહે. શેખ ટિંબો, અંજાર) જાહેરમાં બેસીને ઓનલાઈન જુગાર રમાડતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી શાહનવાઝ શેખે તેના સહ-આરોપી પાર્થ ઉર્ફે પિન્ટુ ઠક્કર (રહે. યોગેશ્વર ચોકડી, અંજાર) પાસેથી ૫,૦૦,૦૦૦/- રૂપિયામાં 'માસ્ટર આઈ.ડી.' મેળવી હતી. આ માસ્ટર આઈ.ડી.માંથી તેણે વધુ દસ આઈ.ડી. બનાવીને તેને આરોપી અનિલ સિધીને આપી હતી. ત્યારબાદ આ આઈ.ડી. મારફતે અનિલ સિધી દ્વારા અન્ય વ્યક્તિઓને ઓનલાઈન જુગાર રમાડીને આર્થિક લાભ મેળવવામાં આવતો હતો. રેડ દરમિયાન મુખ્ય આરોપી શાહનવાઝ શેખની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય આરોપીઓ હાજર મળી આવ્યા ન હતા.

પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. ૫૦૦/-, બે મોબાઈલ ફોન (કિંમત રૂ. ૪,૦૦૦/-) અને એક મારુતિ સુઝુકી અલ્ટો કાર (કિંમત રૂ. ૧,૫૦,૦૦૦/-) મળી કુલ રૂ. ૨,૦૦,૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. અંજાર પોલીસે જુગારધારાની કલમ-૧૨(એ) હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. આ મામલે માસ્ટર આઈ.ડી. પૂરી પાડનાર વ્યક્તિ, અનિલ સિધી તેમજ અન્ય ૧૦ જેટલા યુઝરનેમ ધરાવતા વ્યક્તિઓને શોધવા માટે પોલીસ દ્વારા વધુ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ સમગ્ર કામગીરીમાં અંજાર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ ગાંધીધામ (પૂર્વ કચ્છ) ની ટીમ જોડાયેલી હતી.

## કચ્છના નબળા ડ્રોપઆઉટ રેશિયોને વાલીઓનું ફરજિયાત કાઉન્સેલિંગ થશે

**શાળા પ્રવેશોત્સવ માત્ર ઉત્સવ નહીં, પણ બાળકનું ભવિષ્ય ઘડવાનું માધ્યમ બનશે : વાલીઓને શિક્ષણનું મહત્વ સમજાવવા ખાસ ઝુંબેશ**

ભુજ - કચ્છઉદય : કચ્છના અંતરિયાળ વિસ્તારો અને સીમાવર્તી ગામડાઓ સહિત રાજ્યમાં બાળકો શાળા છોડી ન દે તે માટે શિક્ષણ વિભાગે હવે ગંભીર કવાયત હાથ ધરી છે. રાજ્ય સરકાર દ્વારા આગામી ૧૮ જૂનથી ૨૦ જૂન દરમિયાન યોજાનારા રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવને માત્ર એક ઉત્સવ પૂરતો સીમિત ન રાખતા, શિક્ષણ વિભાગે ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે એક મોટો નીતિગત નિર્ણય લીધો

અનુસંધાન પાના નં.૫ પર